


# અધ્યાત્મ

વર્ષ : ૧ અંક : ૧ ઓકટોબર-૧૯૭૯

## વન્દે વાણીવિનાયકૌ



**वर्णानामर्थसंघानां रसानां छन्दसामपि ।
मंगलानां च कर्त्तारौ वन्दे वाणीविनायकौ ॥**
**— માનસ મંગલાચરણ**

**અક્ષરોના, અર્થસમૂહો, (શબ્દો)ના, રસોના, છન્દોના અને મંગલોનાં કરનારાં સરસ્વતી અને ગણપતિને અમે વંદન કરીએ છીએ.**

સાહિત્યનાં બે અંગ : ગદ્ય અને પદ્ય. અક્ષર, શબ્દ, રસ અને છંદ એ એનાં ઉપાંગો; અને 'મંગલ' એનો હેતુ.

વાણી (સરસ્વતી) વિદ્યાની દેવી છે, ગણપતિ વિવેકના દેવ છે. સાહિત્ય–સર્જનમાં વિદ્યા અને વિવેક બંને હોય તો જ તે સાહિત્ય મંગલ બને. આથી સરસ્વતી અને વિનાયકની અલગ અલગ સ્તુતિ ન કરતાં તુલસીએ સંયુક્ત સ્તુતિ કરી છે.

વળી, વાણીને વિનાયકની જેમ ગ્રહણ કરાય તો જ તે ફળદાયી બને. ગણપતિ સમજ્યા વિના કશું લખતા નહિ, તેમ આપણે વાણીને (સાહિત્યને) વાંચવા–સાંભળવા સાથે સમજતા આત્મસાત્ કરતા રહીએ તો જ લાભ થાય. આ દૃષ્ટિનું વિસ્મરણ ન થાય તે હેતુ પણ વાણી–વિનાયકની ભેગી સ્તુતિ કરવા પાછળ રહેલો છે જ.



## આવકાર

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદના હેતુઓ છે :—

માનવમાં સાચી ધાર્મિક ભાવનાની સમજ ફેલાવવાનો;

આત્મિક વિકાસના માર્ગે પગલાં માંડતા સાધકોને પ્રેરણા અને પથપ્રદર્શન પૂરું પાડવા પ્રયાસ કરવાનો.

માનવમાં જે સારું છે તેને પ્રોત્સાહિત કરવાનો, ને બુરાઈઓ સમજી તેનો ત્યાગ કરી; સારું સાત્વિક જીવન જીવતો થાય તે માટે દિશાસૂચન કરવાનો.

આ ટ્રસ્ટના પુરસ્કર્તા સંત શ્રી યોગેશ્વરજી છે, એટલે આ હેતુઓની પૂર્તિ માટે તેઓશ્રીનાં આધ્યાત્મિક પુસ્તકોનું સસ્તા દરે પ્રકાશન એ આ દિશામાંનું એક પગલું છે. અત્યાર સુધીમાં 'સાંઈ સંગીત', 'આરતી' અને 'પ્રસાદ' નાં ભજનો અને ગીતોના સંગ્રહો તથા સુવિચારોની નાની પુસ્તિકા –'સર્વમંગલ' પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. જનતાએ એને સારો આવકાર આપ્યો છે.

'અધ્યાત્મ' માસિક એ આ દિશાનું બીજું પગલું છે. આધ્યાત્મિક અભિરુચિ ધરાવતી જનતા એને જરૂરથી આવકારશે એવી આશા છે.

માસિકના સંપાદક મંડળ તેમ જ સલાહકાર મંડળના ભાઈ-ઓએ ઉત્સાહપૂર્વક આ કામ ઉપાડી લીધું એ ખૂબ આનંદની વાત છે. વળી આમાં બીજાં અનેક ભાઈબહેનો રસ લઈ, તેને સફળ કરવામાં સહાય કરી રહ્યાં છે, તે સૌ અભિનંદનીય છે.

ગુજરાતી ભાષામાં, અમારી દૃષ્ટિએ આધ્યાત્મિકતાને નજર સમક્ષ રાખી, જિજ્ઞાસુ, મુમુક્ષુ કે સાધક ભાઈબહેનોને ઉપયોગી

બની શકે તેવા માસિકની ઊણપ લાગતી હતી. આ માસિક દ્વારા થોડેઘણે અંશે પણ એ જરૂરિયાત સંતોષવાનો અમારો નમ્ર પ્રયાસ છે.

સાધકો પોતાને મૂંઝવતા પ્રશ્નોના જવાબો પ. પૂ. શ્રી યોગેશ્વરજી જેવા સાક્ષાત્કારી પુરુષ પાસેથી આ માસિક દ્વારા મેળવી શકશે, એ એની આગવી વિશેષતા છે.

માસિકના પરિણામે થોડી વ્યક્તિઓના જીવનમાં પણ જો આત્મિક પ્રકાશનાં અજવાળાં પાથરવામાં નિમિત્તરૂપ બનીશું તો અમારો પ્રયાસ સફળ લેખીશું.

સાંઈ કૃપા, સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના
ગોપાલકુંજના નાકે, મણિનગર, ટ્રસ્ટીઓ
અમદાવાદ–૩૮૦ ૦૦૮

'અધ્યાત્મ'ને શુભેચ્છાઓ સાથે

"મન બળવાન છે એ ખરું,
પણ તમારાથી વધારે બળવાન નથી."
— શ્રી યોગેશ્વર

શિવ ટ્રેડર્સ
અનાજ કરિયાણાના વેપારી
રેસકોર્સ રોડ, અલકાપુરી : વડોદરા



# અમારી વાત * * *

'અધ્યાત્મ'ના પ્રથમ અંકના પ્રકાશન સાથે અમે આનંદ અને સંકોચની મિશ્ર લાગણીઓ અનુભવીએ છીએ.

આનંદ એ વાતનો છે કે ઘણાં વર્ષોથી અમારા પરમ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ભાવના આવું માસિક કાઢવાની હતી. આજે તે પૂરી થાય છે,

જ્યારે સંકોચ એ વાતનો છે કે આ કામમાં જે આવડત, જ્ઞાન અને લાયકાત જોઈએ, તે અમે પૂરી ધરાવતા નથી. એટલે નમ્ર ભાવે શ્રી ગુરુને તેમજ શ્રી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે લીધેલ જવાબદારી ઉપાડવાની તે શક્તિ ને સામર્થ્ય આપે.

માસિકને દિનપ્રતિદિન, સાધનોની મર્યાદામાં રહી, સારુ કરવાના અમારા પ્રયાસો હંમેશ રહેશે, કારણકે આ કાર્યની પાછળ કોઈ આર્થિક લાભ મેળવવાનો હેતુ છે જ નહિ. આ માટે જનતાનાં સૂચનો અમે આવકારીશું, ને તેનો શક્ય તેટલો અમલ કરવા પ્રયાસ કરીશું. વાંચકો પોતાના અભિપ્રાયો જણાવે.

અંતમાં સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટે અમને આ સત્કર્મનું કામ સોંપવા બદલ અમે તેમના અને ખાસ કરી પરમ પૂ. શ્રી યોગેશ્વરજીના આભારી છીએ.

દશેરા ૧–૧૦–'૭૯ —સંપાદક મંડળ

*

વર્ષ : ૧
અંક : ૧
છૂટક રૂા. ૧-૨૫

# અધ્યાત્મ

વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૨-૦
વિદેશમાં ૧૦૦ રૂા.

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

**સંસ્થાપક :**
પ. પૂ. યોગેશ્વરજી
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાંટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરીદેવી (પૂ. સરોજબેન)
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
શ્રી વિઠ્ઠલ પંડયા
શ્રી ભાણુભાઈ બ્હોરા
શ્રી જે. વી. શાહ
શ્રી શાંતિભાઈ કનેરીયા
શ્રી રાજેશભાઈ કાપડિયા

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર-ભાવનગર ૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર-૩૬૪૦૦૧

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**લેખકોને :**

* 'અધ્યાત્મ' પોતાના નામ પ્રમાણેના વિષયનું અદ્યતન માસિકપત્ર હોઈને લેખો, કાવ્યો, પ્રસંગો, બોધકથાઓ વગેરે એ વિષયનાં જ હોવાં જોઈએ.
* વિચાર સ્પષ્ટ અને ભાષા સરળ હોય તે આવકાર્ય મનાશે.
* લખાણ કાગળની એક જ બાજુ પર શાહીથી સ્વચ્છ અક્ષરે લખવું. જે લખાણ સ્વીકાર્ય હશે તેની અનુકૂળતાએ પ્રસિદ્ધિ કરાશે.

**ગ્રાહકોને :**

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અમે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| શુભ કામના | ૧ | યોગેશ્વરજી |
| વન્દે વાણીવિનાયકૌ | ૨ | — |
| આવકાર | ૩ | સર્વમંગલ ટ્રસ્ટ |
| અમારી વાત | ૫ | સંપાદક મંડળ |
| મારી નજરે મહાત્મા શ્રી યોગેશ્વરજી | ૮ | સ્વામી બ્રહ્મસ્વરૂપાનંદજી |
| પ્રાર્થના | ૧૩ | કમલાબેન ઠક્કર |
| એક ઘડી | ૧૩ | ભાગીરથી મહેતા |
| એકનાથ મહારાજે બાધા પૂરી કરી | ૧૪ | નારાયણ હ. જાની |
| જીવનના ચાર મહાપ્રશ્નો | ૧૯ | રામનારાયણ ના. પાઠક |
| અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્ | ૨૪ | પ્રા. જનાર્દન જ. દવે |
| સનાતન વાણી | ૨૬ | રજનીકાન્ત મહેતા |
| ચરણે તારા સદા પ્રણામ | ૨૬ | આશા ભક્ત |
| પ્રશ્નોત્તરી | ૨૭ | શ્રી યોગેશ્વરજી |
| ......આફ્રિકા યાત્રા | ૩૨ | તંત્રી |
| શ્રી કૃષ્ણ પ્રભુની માનસપૂજા | ૩૫ | — |
| શીર્ષાસન | ૩૬ | મણિભાઈ શાહ |
| ભગવાન બુદ્ધનું સાક્ષાત દર્શન | ૪૧ | શ્રી યોગેશ્વરજી |
| પ્રભુના વિરહ મિલનની...ભાવો | ૪૬ | શ્રી યોગેશ્વરજી |
| શ્રેયયાત્રા | ૪૭ | ભાઈલાલભાઈ છાટબાર |
| યોગેશ્વર વંદનાષ્ટક | ૫૨ | ઈશ્વરભાઈ પટેલ |
| સ્વામીજીના યોગબળનું દર્શન | ૫૪ | રાજેન્દ્ર જાની |
| પ્રભુએ અમને બચાવ્યા | ૫૮ | નારાયણ હ. જાની |
| સાચું ડહાપણ | ૬૨ | નાનુરામ દુધરેજિયા |
| શ્રી સહજાનંદ સ્વામીએ ....સંપત્તિ સાચવી ખરી | ૬૫ | — |
| જીવન પરિવર્તન...ભજન સંમેલન | ૭૧ | શ્રી યોગેશ્વરજી |

# મારી નજરે મહાત્મા શ્રી યોગેશ્વરજી



સ્વામી શ્રીબ્રહ્મસ્વરૂપાનંદજી

દેવભૂમિથી પણ અધિક મહિમાવાળી ભારતવર્ષની ઋષિ-મુનિ સેવિત તપોભૂમિમાં અતીત કાળથી માંડીને અદ્યતન કાળ પર્યંત જુદા જુદા અનેક અલૌકિક સંતો, મહાત્માઓ, યોગીઓ અને તપસ્વીઓએ જન્મીને પોતાના લોકોત્તર જીવન દ્વારા પ્રેરણા અને પ્રકાશ પાથરીને, અસંખ્ય આત્મા-ઓને પથ પ્રદર્શન પહોંચાડીને, જ્યોતિર્ધર તરીકેનું કલ્યાણ-કાર્ય કર્યું છે. શ્રી યોગેશ્વરજીએ જ્યોતિર્ધરોની એ પ્રાણવાન પરંપરાને વધારે પ્રકાશવંતી કરી છે, તથા પ્રાણવાન બનાવી છે.

શ્રી યોગેશ્વરજીના જ્યોતિર્મય જીવનનો હું વરસોથી સાક્ષી રહ્યો છું. મેં ગુજરાતની પુણ્યભૂમિના એમના સાબરમતી તટ પરના નાનકડા જન્મસ્થાનને જોયું છે. એમણે જ્યાં રહીને કઠોર તપ કરેલું તે દેવપ્રયાગના એમના એકાંત આશ્રમને જોયો છે, એમના સાધનામય જીવનનો પરિચય પ્રાપ્ત કર્યો છે. એમના ઉપવાસોને નિહાળવાનું સૌભાગ્ય પણ મેળવ્યું છે. એમની સ્થિતપ્રજ્ઞતાને પણ નિહાળી છે; અને એ બધા પરથી મારી પ્રતીતિ થઈ છે કે એ જીવનમુક્ત મહાત્મા આજના વિશ્વના એક અસાધારણ મહામાનવ છે. મેં મારા જીવન દરમિયાન કેટલાય સંતો, તપસ્વીઓ, યોગીઓને જોયા છે, પરંતુ યોગેશ્વરજી જેવા સાચા સંપૂર્ણ



સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને નથી જોયા. યોગેશ્વરજી સૌમાં જુદા જ તરી આવે છે. એમનું જીવન ભારતીય સાધના, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે.

યોગેશ્વરજીએ સાધનાના જટિલ જીવનપંથને ઈશ્વર પર શ્રદ્ધા રાખીને, ઈશ્વરરૂપી પરમ કરુણામયી માતાનો આશ્રય લઈને, એની આંગળી પકડીને, એકલે હાથે જ ખેડવા માંડ્યો ને પૂરો કર્યો છે. એ સતત સાવધ, જાગ્રત, આત્મ-નિરીક્ષણયુક્ત રહ્યા છે. નાનાંમોટાં પ્રલોભનોમાં પડ્યા નથી. નાના સરખા ગામમાં જન્મીને અભ્યાસાર્થે મુંબઈ ગયા. ત્યાંના નિવાસ દરમિયાન આધ્યાત્મિક માર્ગે આગળ વધવાના સંકલ્પો અને એ સંકલ્પોની સિદ્ધિના પ્રયત્નો કર્યા. પવિત્ર હિમાલયમાં વસ્યા. ભાત ભાતની સાધનામાં પ્રવેશ્યા. જુદા જુદા જ્ઞાત–અજ્ઞાત સિદ્ધ પુરુષો કે સંતોને મળ્યા. અલૌકિક અનુભવો પામ્યા, અને છેવટે સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચીને શાંતિમય બન્યા. એ બધું ભગીરથ કાર્ય એમણે સતત લગન, ધીરજ, હિંમત, ત્યાગ શ્રદ્ધા તથા સમર્પણ-ભાવથી પૂરું કર્યું. બીજા સાધારણ અથવા અસાધારણ સાધકો એમના જીવનમાંથી ઘણું ઘણું શીખી શકશે. સાધનાને નામે પેદા થતી ભ્રાંતિઓને ને કપોલકલ્પિત માન્યતાઓને દૂર કરીને સાધનામય જીવનનો સાચો પ્રકાશ પામી શકશે. છેવટે ધન્ય બનશે.

એમણે કરેલા અવારનવારના ઉપવાસો આજની પ્રજાને આશ્ચર્ય પમાડે તેવા છે. એમ તો એમનું આખું જીવન આશ્ચર્યકારક છે. એ ઉપવાસો એમની પરમાત્મ પ્રીતિ, લગની ને નિષ્ઠાની પ્રતીતિ કરાવે છે. એમણે કેટકેટલાં કષ્ટો વેઠીને એમના ધ્યેયની સિદ્ધિ સારુ સાધના કરી છે, એનો પરિચય કરાવે છે. એમની સાધના કેવળ એમને માટે જ ન હતી.

દેશ તથા દુનિયાને માટે, બીજાને સુખશાન્તિ પહોંચાડવા તથા મદદરૂપ થવાને માટે પણ એમણે સ્વપ્નો સેવેલાં ને બનતા પ્રયત્નો કરેલા.

ભારતની છેલ્લી લોકસભાની ચૂંટણી પહેલાં જ એમણે મને જણાવેલું કે આ વખતે સરકાર છેક જ બદલાઈ જશે. એ કેવા અસાધારણ આર્ષદ્રષ્ટા છે, તેની સમજ અમને સંપૂર્ણપણે ત્યારે જ પડેલી.

એમના પૂર્વજન્મના જ્ઞાનની વાતોને વાંચીને કેટલાક વિચારમાં પડશે. એમણે તો સત્યને વફાદાર રહીને, સ્વાનુભવના નિર્દેશ માટે જ એ વાતોને રજૂ કરી છે. એમને ઇ. સ. ૧૯૪૪માં પૂર્વજન્મનું જ્ઞાન થયેલું, અને એ પછી વરસો સુધી એ જ્ઞાન જુદી જુદી રીતે થતું રહ્યું; એનો ઈતિહાસ રોચક છે. એમના એ જ્ઞાનનો હું છેક ઈ. સ. ૧૯૪૪થી જ સાક્ષી છું. આજે તેત્રીસ જેટલાં વરસો પછી એમણે એ માહિતી પ્રસિદ્ધ કરી છે. એમને એ દ્વારા કીર્તિ કમાવાની ઇચ્છા નથી જ. જો કીર્તિ કમાવાની, ભક્તમંડળ વધારવાની કે બીજી કોઈ લૌકિક લાલસા હોત તો એ આટલાં વરસો સુધી બેસી ન રહેત. પૂર્વજન્મના જ્ઞાનની તરત જ જાહેરાત કરત. પરંતુ એ એવી લાલસા કે ઇચ્છાથી સર્વથા મુક્ત છે. હજુ થોડા સમય પહેલાં જ એમને કેટલાંક પ્રેમીજનોએ પૂર્વજન્મ વિશે પૂછેલું તો એમણે શાન્તિથી જણાવેલું કે મારી આત્મકથા બહાર પડે ત્યાં સુધી ધીરજ રાખો. યોગેશ્વરજી કહે છે કે એ જ્ઞાન તો મને મારા પોતાના લાભ માટે મળેલું છે. બીજાને તેની સાથે એટલો સંબંધ નથી. બીજા તેને માને કે ના માને તે મહત્ત્વનું નથી. બીજા માને તેવો મારો આગ્રહ પણ નથી. સૌ કોઈ સ્વતંત્ર છે. મેં તો મારા અનુભવનું આલેખન કર્યું છે એટલું જ. બીજાને માટે તો હું વર્તમાન જીવનમાં જે છું



તે જ વધારે મહત્ત્વનું છે. મારે પૂર્વજન્મના નામને વટાવીને યશસ્વી નથી થવું. પૂર્વજન્મના મહત્ત્વના આધાર ઉપર મહત્ત્વ નથી બતાવવું. છતાં પણ મારા સ્વાનુભવોની રજૂઆત કરતી વખતે એની રજૂઆત પણ સહજ રીતે કરી છે.

મને શ્રી યોગેશ્વરજીના શરીરમાં અનેક વાર રામકૃષ્ણ પરમહંસ દેવનાં દર્શન થયાં છે–જાગૃતિમાં ને ધ્યાનમાં, બન્ને રીતે. એટલે મને તો એમના પૂર્વજન્મની વાતની વરસોથી માહિતી હતી. હવે એમણે જ એનું રહસ્યોદ્‌ઘાટન કર્યું છે એ અતિશય આનંદની વાત છે. મને પોતાને તો એ વાતમાં કોઈ શંકા જ નથી થતી,–હું રામકૃષ્ણ દેવનો પરમ ભક્ત છું અને શ્રી યોગેશ્વરજીના રૂપમાં એમને પુનઃ પામ્યો છું, એવું અનુભવું છું.

પોતાની આત્મકથા 'પ્રકાશના પંથે'માં એમણે મહાત્મા ગાંધીજીના પૂર્વજન્મ વિશે પણ પ્રકાશ પૂરો પાડ્યો છે. એ પણ અવનવો અદ્વિતીય થઈ પડે તેમ છે

ગુજરાતી ભાષા સાહિત્યના ભંડારને એમણે એમના નાના–મોટા અનેકવિધ ગ્રંથો દ્વારા આજ સુધી સમૃદ્ધ કર્યો છે. એમની આત્મકથા એમાં એક અસાધારણ ગુણવત્તાવાળા ગ્રંથરત્નનો ઉમેરો કરે છે.

એમની સાધનાએ આત્મકથામાં આલેખન પામીને, ભારતવર્ષની સનાતન સાધના, આધ્યાત્મિકતા, સંતપરંપરા અને હિમાલયના ગૌરવને વધાર્યું છે. એણે પ્રદર્શાવ્યું ને પુરવાર કર્યું છે કે આજના વિષમ વખતમાં પણ પરમાત્માની પરમકૃપાને પામેલા સાચા મહાત્માઓની પરંપરા ભારતમાં તૂટી નથી.

## ભક્તિ – માનવમાત્રનો અધિકાર

ભક્તિમાર્ગની ખૂબી એ છે કે તેમાં કોઈ અધિકારની જરૂર નથી. ભક્તિમાર્ગમાં પરિપક્વતા આવતાં તે આપોઆપ આવી જાય છે. પાપી ને પુણ્યશાળી બધા જ ભક્તિમાર્ગના અધિકારી થઈ શકે છે. જેમ પૃથ્વી બધાને માટે છે, પવન, પાણી ને આકાશ પર બધાનો અધિકાર છે, તેમ ઈશ્વર જીવમાત્રનો છે. બધાંયને તેની પ્રાપ્તિ કરવાનો જન્મજાત હક કે અધિકાર છે. ફક્ત માણસને તે અધિકારનું ભાન કે જ્ઞાન થવું જોઈએ.

'અધ્યાત્મ'ને અમારી કોટિ કોટિ શુભેચ્છાઓ

"તમે જેવો વિચાર કરશો તેવા તમે થશો.
જો તમે તમારી જાતને નિર્બળ ધારશો તો તમે
એવા બની જશો. અને જો તમે તમારી જાતને
સમર્થ માનશો તો તમે સમર્થ બની જશો."

— સ્વામી વિવેકાનંદ

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઈલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૨

ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭



## પ્રાર્થના

હે નાથ ! અમને શરણે સ્વીકારો,
હે નાથ ! ભવના સિન્ધુથી તારો.

હે નાથ ! માયા મમતા વિદારો,
હે નાથ ! ભમતા મનડાને વારો.

હે નાથ ! જ્વાળા દિલડાની ઠારો,
હે નાથ ! શાન્તિ દઈ દ્યો સહારો.

હે નાથ ! ભૂલ્યા જીવને ઉગારો,
હે નાથ ! દોષો ગણી ના વિસારો.

હે નાથ ! કર આ પકડો અમારો,
હે નાથ ! નિત સંગ દિયો તમારો.

હે નાથ ! પંથ આ લાગે અકારો,
હે નાથ ! દિલનાં દુઃખને નિવારો.

કમલાબેન ઠક્કર

## એક ઘડી


હે ! અંતર્યામી અંતરને, આલિંગન આપો એક ઘડી;
હે ! જનમ જનમના સંગાથી, સંગાથ દિયોને એક ઘડી.

હે ! અલખ નિરંજન અવધૂતા, અંતરમાં આવો એક ઘડી;
હે ! નારાયણ નવજ્યોત ભરી, જીવનમાં જાગો એક ઘડી.

હે ! સુંદર શ્યામ સુહાગભરી, નયનોમાં આવો એક ઘડી;
આવો તો હે ! પ્રિયતમ પ્યારા, જાશો ના છોડી એક ઘડી.

આ હૃદય સિંહાસન ખાલી છે, નયનોમાં જલની ઝારી છે;
કરમાં ફૂલમાળા ઝાલી છે, બહુ વાટ પ્રભુજી તમારી છે.

ભાગીરથી મહેતા



# સંતશ્રી એકનાથ મહારાજે બાધા પૂરી કરી

દક્ષિણ ભારતમાં ગોદાવરી નદીને કાંઠે પૈઠણ નગર આવેલું છે.

ગોદાવરી એ દક્ષિણ ભારતની પવિત્ર નદીઓમાંની એક અને પૈઠણ એ દક્ષિણનું કાશી—વિદ્વાન ને કર્મઠ બ્રાહ્મણોની પીઠ !

ત્યાં એકનાથ મહારાજ થયા. બાળપણથી જ ભગવાન ઉપર અનન્ય પ્રેમ. પિતા સૂર્યનારાયણનો સ્વર્ગવાસ તો યુવાન વયમાં જ થઈ ગયેલો. એટલે દાદાદાદીએ પ્રેમથી એમને ઉછેર્યા. તેઓ પણ પંઢરીનાથના મોટા ભક્ત. આમ ભક્તિ એકનાથ મહારાજને વારસામાં મળેલી. એમના પૂ. પિતામહ ભાનુદાસ તો ઘણા મોટા ભક્ત ને સંત.

આ એકનાથ મહારાજના જીવનના અનેક પ્રસંગો શ્રદ્ધાળુ ને ભાવિક જનોને પ્રેરણાદાયક આજે ય બને તેવા છે. એમાંનો એક પ્રસંગ તો અદ્ભુત છે, જે આપણે જોઈએ.



એકનાથ મહારાજ એ ગૃહસ્થી સંત હતા. લગ્ન પહેલાં જ પોતાના ગુરુ જનાર્દન સ્વામીની સેવા અને કૃપાને લીધે ભગવાન દત્તનાં તેમને દર્શન થયેલાં. ગુરુની આજ્ઞાથી જ એમણે લગ્ન કરેલું.

એમને એક પુત્ર હતો. એનું નામ હરિ પંડિત. એણે કાશી જઈને સંસ્કૃત અને હિંદુ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરેલો. એટલે એ થોડા રૂઢિચુસ્ત. એવું માને કે ઈશ્વરનો ને શાસ્ત્રોનો ઉપદેશ તો ભલે લોકો સમજે કે ન સમજે પરંતુ સંસ્કૃત ભાષામાં જ કરાય. વળી બ્રાહ્મણ સિવાયના માણસોને ત્યાં જમાય પણ નહિ. છૂત–અછૂતપણું ચુસ્તપણે પાળે.

હવે પૈઠણમાં એક વણિક કુટુંબ રહે. એમની આર્થિક સ્થિતિ સારી હતી, ત્યારે એમણે હજાર બ્રાહ્મણ જમાડવાની બાધા રાખેલી. પરંતુ ભાગ્યની વાત ન્યારી છે. કુટુંબના વડીલનું આકસ્મિક મરણ થઈ ગયું ! ધંધોરોજગાર ખલાસ થઈ ગયો ને માલમિલકત પણ લોકો પચાવી ગયાં. કુટુંબમાં છેવટે એકલી રહી ગઈ એના પત્ની. એ બિચારી લોકોનાં કામ કરી પોતાનો જીવનનિર્વાહ કરે. પરંતુ સારી સ્થિતિ હતી ત્યારે પતિની સાથે હજાર બ્રાહ્મણો જમાડવાની રાખેલી બાધા એને રોજ ખટકે. પરંતુ શું કરે ?

એક દિવસ એક વિદ્વાન બ્રાહ્મણ પાસે તે ગઈ અને પોતાની હકીકત વિગતે જણાવી. એણે બ્રાહ્મણને વિનંતી કરી કે પોતાના મૃત પતિ આ બાધામાંથી શી રીતે છૂટી શકે, તેનો કોઈ માર્ગ બતાવો. સાથે સાથે પોતાની ગરીબાઈની પણ વાત કરી. બ્રાહ્મણે વિચાર કરી કહ્યું, 'બેન, એક રસ્તો છે. તમે હજાર બ્રાહ્મણ તો જમાડી શકો તેમ નથી, પરંતુ જો કોઈ ઈશ્વરદર્શી સંતને એક ટંક જમાડો, તો એક હજાર બ્રાહ્મણ જમાડ્યા બરાબર છે. આ સિવાય બીજો કોઈ રસ્તો તમારી બાધામુક્તિ માટે મને સૂઝતો નથી.'

આથી બાઈએ તુરત જ પૂછ્યું, "પરંતુ એવા ઈશ્વરદર્શી સંતને હું ક્યાં શોધવા જાઉં! તમે કોઈ એવા સંતને જાણતા હો, તો મને કહો."

બ્રાહ્મણે કહ્યું, "આ એકનાથ મહારાજ આવા ઈશ્વરદર્શી સંત છે. પરંતુ તે હમણાંના બ્રાહ્મણ સિવાય બીજા કોઈને ત્યાં જમવા જતા નથી. છતાં તમે આજીજી કરશો, તો માની જશે. તે ખૂબ દયાળુ છે."

બાઈને આ જાણી ખૂબ આનંદ થયો. વર્ષોથી મનમાં કાંટાની જેમ ખૂંચતી બાધાનો ઉકેલ હાથવેંતમાં જણાતાં, તે ઉત્સાહથી એકનાથ મહારાજને ત્યાં પહોંચી.

એકનાથ મહારાજ તે વખતે પૂજા કરતા હતા. હરિ પંડિત પણ બાજુમાં બેસી પોતાના સ્તોત્રપાઠ કરતા હતા. બાઈએ જઈને બંનેને પ્રણામ કર્યા. એકનાથ મહારાજે બાઈને આવવાનું પ્રયોજન પૂછ્યું. એણે ગદ્ગદ કંઠે પોતાને ત્યાં જમવા પધારવા વિનંતી કરી. પરંતુ પહેલાં તો તેમણે ના પાડી. કહ્યું: "બેન, હરિ પંડિતે બ્રાહ્મણેતરને ત્યાં જમવા જવાની મને ના પાડી છે એટલે હું હવે ક્યાંય જમવા જતો નથી."

આ સાંભળી બાઈ એકદમ નિરાશ થઈ ગઈ! એનો ઉત્સાહ નિરાશામાં પલટાઈ ગયો ને એની આંખમાંથી અશ્રુબિન્દુ ટપકી પડ્યાં!

એકનાથ મહારાજ તો ખૂબ દયાળુ. તેમનું દિલ બાઈને રડતી જોઈ પીગળી ગયું. એમણે બાઈને કહ્યું, "હું એક શરતે તારે ત્યાં જમવા આવું. તારે માત્ર કાચું સીધું અને ચૂલો સ્વચ્છ લીંપીને આપવાં. મારી સાથે હરિ પંડિત પણ જમવા આવશે. તે રસોઈ બનાવશે ને અમે જમીશું. બાકી વધશે તે તને આપીશું. બોલ આ મંજૂર છે!" પછી તેઓએ હરિ પંડિત સામે જોયું. તેમની ઇચ્છા ન હતી, પરંતુ પિતાએ કરેલ સૂચનનો તેઓ અનાદર ન કરી શક્યા.



આ મુજબનું એમનું બ્રાહ્મણેતરના હાથનું ન જમવાનું પણ સચવાતું હતું ને બાઈની ભાવના પૂર્ણ થતી હતી.

બાઈ તુરત જ રાજી થઈ ગઈ! એકનાથ મહારાજશ્રી સાથે હરિ પંડિત જમવા આવે તેને પોતાનું અહોભાગ્ય ગણવા લાગી! એને ઘરે જતાં જતાં થયું, "પ્રભુએ એના દિલની વાત આખરે સાંભળી ખરી."

બીજે દિવસે સૂચના પ્રમાણે બધું કાચું સીધું અને રાંધવાની જગા લીંપીને સ્વચ્છ કરી રાખી. હરિ પંડિતે રસોઈ બનાવી. એકનાથ મહારાજ અને હરિ પંડિતે પાસે પાસે બેસીને જમી લીધું. જમી ઊઠ્યા પછી એકનાથ મહારાજે પુત્રને સૂચના આપી, "ભાઈ, આપણી પતરાળીઓ જરા બાજુ પર ખસેડી લે, એટલે આ બેન ત્યાં બેસીને જ જમી લે."

હરિ પંડિતે પોતાની પતરાળી બાજુ પર ખસેડી. પછી પિતાની પતરાળી ખસેડવા જાય છે, તો તેના નીચે બીજી પતરાળી જોઈ! એને ભારે આશ્ચર્ય થયું! પોતે જ પિતાજીની પતરાળી મૂકેલી અને તે એક જ હતી, તો આ બીજી ક્યાંથી આવી?–અને પછી તો બીજી લેતાં તેના નીચે ત્રીજી દેખાઈ ને એમ એક પછી એક લેતાં–પતરાળીઓનો મોટો ઢગલો થઈ ગયો! આખરે એક હજાર પતરાળી પૂરી થઈ!

ઘરની વાણિયણ બાઈ બાજુ ઉપર ઊભી ઊભી આ જોતી હતી! તેનાય આશ્ચર્ય ને આનંદની સીમા ન હતી! એકનાથ મહારાજે શું તેને ખાતરી કરાવવા માટે આ ચમત્કાર સર્જ્યો હતો? એ મનમાં વિચારતી હતી, પ્રભુએ પોતાના મૃત પતિને બ્રહ્મભોજનની બાધામાંથી આમ મુક્ત કર્યા ને સંત એકનાથ મહારાજે તેની પ્રત્યક્ષ પ્રતીતિ પણ કરાવી દીધી! તે કૃતજ્ઞતાના ભાવથી મહારાજશ્રીનાં ચરણોમાં

ઢળી પડી. એણે ગદ્દગદ્દ કંઠે કહ્યું, "મહારાજ આપ મનુષ્યના દેહમાં ભગવાન જ છો. આપે મારા ઉપર ખૂબ ખૂબ કૃપા કરી !"

પછી એણે પોતાના મૃત પતિની બ્રહ્મભોજનની બાધાની વાત વિગતે કરી. આ સાંભળી હરિ પંડિત તો વિસ્મય પામી ગયા ! પોતાનું સંસ્કૃતના પંડિત હોવાનું અભિમાન ઓગળી ગયું. એમણે ય પિતાજીનાં ચરણોમાં વંદન કરતાં કહ્યું, "પિતાજી, હું પંડિત હોઇશ, પણ ઈશ્વરદર્શી સંત તો નથી. આપ તો સંત હોવાને લીધે સ્વયં શાસ્ત્ર છો. શાસ્ત્રની મર્યાદાઓ અને છૂતાછૂતપણું અમારે માટે છે, આપ તો આ બધાથી પર છો. મારા અજ્ઞાનને લીધે જ આજ સુધી હું આપને શાસ્ત્રના વિધિ-વિધાન પાળવાનો આગ્રહ કરતો. મને ક્ષમા કરો."

એકનાથ મહારાજે હરિ પંડિતને પ્રેમપૂર્વક બેઠા કર્યા ને માત્ર એટલું જ કહ્યું, "આ બધી પ્રભુની લીલા છે. એ ધારે તે કરી શકે છે. એ સ્વયં સ્વતંત્ર છે. ભાઈ, એ ક્યારે શું કરશે તે કોણ કહી શકે ?"

❋

સ્થાપના : ૧૯૦૭

દાલીઆ જેઠાલાલ બાપુલાલ

અનાજ, દાળ તથા તેલબિયાંના કમિશન એજન્ટ

વાડી, વાઘોડીઆ પોળ પાસે, વડોદરા-૩૯૦,૦૧૭

ટે. નં. ઑફિસ : ૫૨૭૪૦, ૨૨૭૯, ઘર : ૨૫૭૪૦, ૫૫૨૦૯

૧૯ એમ યાર્ડ : ૨૯૩૮



# જીવનના ચાર મહાપ્રશ્નો

રામનારાયણ ના. પાઠક



પાંડવો બાર વરસનો વનવાસ ભોગવતા હતા તે વખતની વાત છે. આશ્રમના આંગણામાં વડની છાયા નીચે ઓટલા ઉપર યુધિષ્ઠિર, ભીમ, અર્જુન વગેરે ભાઈઓ બેઠા હતા. ધર્મચર્ચા ચાલી રહી હતી. એવામાં એક બ્રાહ્મણ દોડતો આવ્યો અને બોલી ઊઠ્યો, "મહારાજ ! મારા હોમના અગ્નિ માટે રાખેલી અરણી એક મોટો કાળિયાર શીંગડીએ ચડાવીને વનમાં નાસી જાય છે............"

આ સાંભળતાં જ યુધિષ્ઠિરે અર્જુનની સામે જોયું એટલે તરત જ ધનુષબાણ લઈ ને અર્જુન કાળિયારની પાછળ દોડ્યા. જોતજોતામાં એક ટેકરી ઉપરથી અર્જુને કાળિયારને જતો જોયો. તેમણે બાણ ચડાવી ધનુષ ખેંચ્યું તેવો જ કાળિયાર ચેતી ગયો અને ટેકરી ઉપરથી નીચે ઊતરી ગયો. ઘડીક નજીક અને ઘડીક દૂર એમ અર્જુનને તે દૂર ખેંચી ગયો.

માણુસને સંસારવનમાં આવી જ રીતે તૃષ્ણા દૂર ખેંચી જાય છે. અર્જુન થાક્યો. તરસે ગળું સુકાતું હતું. એટલામાં સામે એક જળાશય દીઠું તેમાં પાણી પીવા ઊતર્યો. જેવો ખોબો ભરીને પાણી પીવા જાય છે, તેવો એક અગોચર અવાજ સંભળાયો : "મારા પ્રશ્નના ઉત્તર આપ્યા પહેલાં પાણી પીશ નહિ."

અર્જુને એ અવાજની કશી પરવા ન કરી અને ખોબો ભરીને પાણી પીધું તેવો જ એ જળાશયના પગથિયા ઉપર ઢળી પડ્યો.

ઘણી વાર થઈ છતાં અર્જુન પાછો ન આવ્યો એટલે યુધિષ્ઠિરે ભીમસેનને મોકલ્યો. તેને ગયા ઘણો વખત થયો છતાં પાછો ન આવ્યો એટલે સહદેવ અને પછી નકુળને પણ મોકલ્યા. સારો એવો સમય જવા છતાં એકે ભાઈ પાછા ન આવ્યા, એટલે ધર્મરાજ યુધિષ્ઠિર પોતે પાછળ ગયા.

ચાલતાં ચાલતાં ઘણે દૂર એક વિશાળ વડલો જોયો. તેની નીચે મોટું તળાવ જોયું. માથે આકરો તાપ તપી રહ્યો હતો. મોઢામાં પાણીનો શોષ પડતો હતો. ભાઈઓની ચિંતામાં યુધિષ્ઠિર ઉતાવળા જળાશય પાસે જઈ પહોંચ્યા. અને નજર કરી તો ચારે ભાઈઓને મૂર્છિત થઈને પડેલા જોયા. એ કારમું દૃશ્ય જોતાં જ યુધિષ્ઠિર કલ્પાંત કરવા લાગ્યા. એટલામાં થોડી વારે આકાશમાંથી આવતો હોય તેવો અવાજ પડછંદા પાડતો યુધિષ્ઠિરને કાને સંભળાયો : "ભાઈ યુધિષ્ઠિર, તું કલ્પાંત છોડી દે. શાંત થા. તારા આ ભાઈઓ મારા પ્રશ્નોના ઉત્તર આપ્યા વિના પાણી પીવા ગયા તેથી તેમની આ દશા થઈ છે. તું પણ મારું સમાધાન કર્યા વિના પાણી પીશ તો તારી પણ એ જ દશા થશે." યુધિષ્ઠિરે ચારે બાજુ જોયું તો કોઈ દેખાયું નહિ, છતાં ધૈર્ય ધારણ કરીને બોલ્યા, "હે અદૃષ્ટ પુરુષ, તમે કોણ છો, તે હું જાણતો નથી. તમારા શું પ્રશ્નો છે



તેની પણ મને ખબર નથી, છતાં એક સત્યનિષ્ઠ માણુસ તરીકે તમારું સમાધાન કરવા હું પ્રયત્ન કરીશ."

આ પછી યક્ષે એક પછી એક પિસ્તાલીશ પ્રશ્ન પૂછ્યા અને યુધિષ્ઠિરે દરેકના સંતોષકારક જવાબ આપ્યા. એ બધા જ પ્રશ્નો માનવજીવનના સાચા શાશ્વત સુખની ચાવીરૂપ હતા. જે માણુસ સત્ય અને ન્યાયના માર્ગે ચાલનાર હોય તે જ એના ઉત્તર આપી શકે. આપણે અહીં છેલ્લા ચાર પ્રશ્નો અને તેના ઉત્તર જોઈશું :

સ્વામી વિવેકાનંદ અમેરિકામાં સર્વધર્મ મહાપરિષદમાં ગયેલા ત્યારબાદ તેમને ધર્મ જિજ્ઞાસુ મિત્રોએ ત્યાં રોકી રાખ્યા. મિશિગન સરોવરના કિનારે એક મનોરમ ઉપવનમાં સ્વામીજીએ ઘણા સમય સુધી વર્ગો ચલાવ્યા. સેંકડો સ્ત્રી-પુરુષોએ તેનો લાભ લીધો. તેમાં હિંદુ ધર્મના ઊંડાં રહસ્યો સ્વામીજીએ ઉપનિષદ, મહાભારત આદિ ગ્રંથોની કથાઓ દ્વારા સમજાવ્યાં. તેમાં આ યક્ષ–પ્રશ્નોત્તરી સ્વામીજીને અતિશય પ્રિય હતી. છેલ્લા ચાર પ્રશ્નોના ઉત્તર ઉપર તો સ્વામીજી મુગ્ધ હતા.

**को मोदते किमाश्चर्यं कः पन्था का च वार्तिका ।**
**वद मे चतुरः प्रश्नान् मृता जीवन्तु बान्धवाः ॥**

સુખી–કોણ? નવાઈ જેવું શું? માર્ગ કયો? અને મોટામાં મોટી વાર્તા કઈ? આ ચાર પ્રશ્નના સંતોષકારક ઉત્તર આપ એટલે તારા મરણ પામેલા ભાઈઓ જીવતા થશે.

યુધિષ્ઠિરે યક્ષના ચારે પ્રશ્નોના ઉત્તર એક પછી એક નીચે પ્રમાણે આપ્યા.

જે માણુસ માત્ર શાક–રોટલો ખાઈ પોતાનું ગુજરાન ચલાવે છે, પરંતુ જેને માથે માતૃઋણ, પિતૃઋણ, ગુરુઋણ નથી અને જે પોતાનું કર્તવ્ય બજાવી રહ્યો છે, જેનું મન

સ્થિર છે, એવો આત્મ-તૃપ્ત પુરુષ આ સંસારમાં સદા સુખી જાણવો.

હવે આશ્ચર્ય શું એનો જવાબ આપે છે:

માણસની નજર સામે રોજેરોજ અનેક માનવીઓ મૃત્યુ પામીને યમસદનમાં જાય છે. છતાં બાકીના માણસો પોતાને માથે મોત જ નથી, પોતે જાણે અમરપટો લઈને આવ્યા હોય એવી રીતે વર્તે છે. એનાથી વધારે આશ્ચર્યજનક બીજું શું?

ત્રીજા પ્રશ્નનો ઉત્તર આપતાં યુધિષ્ઠિર બોલ્યા:

"તમે મને માર્ગ કયો? એમ પૂછ્યું છે તો માણસને માટે નીતિનો અને ધર્મનો માર્ગ શોધવો બહુ મુશ્કેલ ,છે કારણકે માત્ર તર્કની કશી જ પ્રતિષ્ઠા નથી. શાસ્ત્રો એકબીજાથી જુદાં પડે છે. કોઈ એવો એક ઋષિ (ધર્મમાર્ગ બતાવનાર) નથી જેનું વચન પ્રમાણ ગણી શકાય, અને ધર્મનું રહસ્ય ગુફામાં (અંતર આત્મામાં) રહેલું છે તેથી હું તો એમ માનું છું કે મહાન સંત પુરુષો જે રીતે ધર્માચરણ કરી ગયા તે જ સાચો માર્ગ છે.

આખરે છેલ્લા પ્રશ્નના જવાબમાં યુધિષ્ઠિરે એક ભવ્ય વાર્તા કહી સંભળાવી:

આ મહામોહરૂપી સંસાર એક મોટો લોઢાનો તાવડો છે એમ સમજો. તેની નીચે સૂર્યરૂપી અગ્નિથી રાત અને દિવસરૂપી ઇંધણાંથી તાપ કરેલો છે. માસ અને ઋતુઓના કડછાથી કાળભગવાન પ્રાણીમાત્રને આ મોટી સંસાર કડામાં પકાવી રહ્યો છે. એ મોટામાં મોટી વાર્તા છે.

યુધિષ્ઠિરનો છેલ્લા પ્રશ્નનો ઉત્તર સાંભળતાં જ એ વિશાળ જળાશયમાં પ્રકાશ પથરાયો અને એક પુરુષ તેમની સામે આવીને ઊભો રહ્યો. કમરથી પગ સુધી પહોંચતું વલ્કલ,



માથે મોટી જટા, મોરપીંછ અને વનમાળાથી દીપતો એ અલૌકિક પુરુષ હસીને બોલ્યો:

"હે વત્સ, હું ધર્મ પોતે છું. તમને વનના આકરાં દુઃખ ભોગવતાં જોઈને અંતરથી દુઃખી છું. પણ સત્ય અને ન્યાયને માર્ગે ચાલનારને સદાય દુઃખ વેઠવાં પડે છે. તારી પરીક્ષા કરવા માટે મેં આ પ્રશ્નો પૂછ્યા છે. "તું કહે તે તારા એક ભાઈને હું સજીવન કરું."

યુધિષ્ઠિરે પળભરનો પણ વિલંબ કર્યા વિના તુરત જ નકુળને જીવંત કરવા વિનંતી કરી.

યક્ષને આથી ભારે આશ્ચર્ય થયું! તેણે પૂછ્યું, "હે યુધિષ્ઠિર, ભીમ કે અર્જુનને છોડીને તેં નકુળને સજીવન કરવા શા માટે કહ્યું, તે હું સમજી શકતો નથી."

યુધિષ્ઠિરે તુરત જ જવાબ આપ્યો, "હે ધર્મ, મારી માતા કુંતાનો તો હું એક પુત્ર જીવંત છું. પરંતુ માતા માદ્રીનો પણ એક પુત્ર મારી સાથે જીવંત હોવો જોઈએને?"

ધર્મ યુધિષ્ઠિરની આ ન્યાયપ્રિયતા અને સત્યનિષ્ઠાથી અત્યંત પ્રસન્ન થયા; અને કહ્યું, "તારા ચારેય ભાઈઓ જીવતા થાવ."

તે પછી ધર્મપુરુષ અદૃશ્ય બન્યા. અને તરત જ ચારે ભાઈઓ સ્વપ્નમાંથી જાગી ઊઠે તેમ આળસ મરડીને બેઠા થયા.

❋

# अध्यात्मविद्या विद्यानाम् ।

પ્રા. જનાર્દન જ. દવે

ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્ગીતાના દશમા અધ્યાયમાં બોલ્યા છે अध्यात्मविद्या विद्यानाम । "બધી વિદ્યાઓમાં હું અધ્યાત્મવિદ્યા છું." વિતરણ કરે તે વિદ્યા. અજ્ઞાનને દૂર કરી જ્ઞાનનું વિતરણ કરે તે વિદ્યા. અંધકારને પરિહરિ પ્રકાશનું વિતરણ કરે તે વિદ્યા. પશુતાને છોડાવી મનુષ્ય-ત્વનું પ્રતિષ્ઠાપન કરે તે વિદ્યા. પરંતુ વિદ્યાઓ તો અનેક છે. આપણા દેશમાં ચૌદ વિદ્યાસ્થાનો બતાવવામાં આવ્યાં છે, અને કલાઓ ચોસઠ બતાવવામાં આવી છે પરંતુ આ બધી વિદ્યાઓનું ઉત્તમાંગ અધ્યાત્મવિદ્યા છે.

શબ્દ માત્ર અપરાવિદ્યા છે. શબ્દમાં શક્તિ છે, પણ તે મર્યાદિત છે. શબ્દ અર્થબોધ આપીને આકાશમાં લીન થઈ જાય છે. શબ્દ દ્વારા અર્થ પ્રાપ્ત થાય છે પરંતુ અર્થ-બોધ થવો એ જ વિદ્યા નથી. શબ્દે આપેલ અર્થબોધ અનુભવમાં પર્યવસાન પામે ત્યારે તે વિદ્યા બને છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ પણ અપરાવિદ્યા છે, કારણકે વેદો પણ શબ્દાત્મક છે.

શબ્દ બ્રહ્મનું વર્ણન કરી શકતા નથી, કારણ તે અનુ-ભવનો વિષય છે. વેદના શબ્દો તો પરમાત્મા સિવાયની ઇતર વસ્તુઓનો નિષેધ કરે છે. વેદો ભગવાનને નિષેધ માર્ગે વર્ણવે છે. નિષેધ કરતાં કરતાં અવશિષ્ટ રહે તે પરમાત્મા છે. પરમાત્માનું વર્ણન શ્રુતિઓ પણ વિધેયાત્મક રીતે કરી શકતી નથી માટે વેદાદિ શાસ્ત્રો પણ અપરા-વિદ્યા છે.

પરંતુ આમ છતાં વેદાદિ શાસ્ત્રો, ભગવદ્ગીતા, રામા-યણ, ભાગવત આદિ ગ્રંથો અધ્યાત્મવિદ્યામાં આવે છે.



आत्मानं अधि इति अध्यात्मम् જે આત્મા વિશેના છે, જે આત્માભિમુખ કરે છે, તે અધ્યાત્મ છે. આત્મા અખંડ એક રસ, ચિન્મય, સૂક્ષ્મ અને અસ્તિ ભાતિ પ્રિય સ્વરૂપ છે. આવા આત્મા તરફ લઈ જતી વિદ્યા અધ્યાત્મવિદ્યા છે.

અધ્યાત્મવિદ્યા અવિનાશી સુખનો નિર્દેશ કરે છે, અધ્યાત્મવિદ્યા અંતર્મુખ બનાવે છે, અધ્યાત્મવિદ્યા સ્થૂળ છોડાવી સૂક્ષ્મ તરફ લઈ જાય છે. માટે અધ્યાત્મવિદ્યા જ સર્વવિદ્યાઓનું ઉત્તમાંગ છે. અધ્યાત્મવિદ્યા પાઉન્ડ શિલીંગ પેન્સ કમાવી આપતી નથી, અધ્યાત્મવિદ્યા ડોલરના ઢગલા ભલે નથી કરતી, પણ ઉપનિષદ્ની એક વિદુષી સ્ત્રીએ પોતાના પતિને પૂછ્યું હતું, "જેના વડે હું અવિનાશી પદ ન મેળવું તેનું મને શું પ્રયોજન ?" અધ્યાત્મવિદ્યાનો વિદ્યાર્થી પૂછે છે, "यत्पश्यसि तद् वद" હે ગુરુ, આપે જેનો અનુભવ કર્યો છે તે મને બતાવો, નકામી વાત ન કરો. અધ્યાત્મવિદ્યા આત્માનુભવમાં પરિણમે છે માટે તે ભગવાનનું વિભૂતિરૂપ છે.

ઈન્કમટેક્ષ સેલ્સટેક્ષ પાકું—નામું
સરળ સલાહ કેન્દ્ર
વાડી, વાયડા પોળ, ચોખંડી
વડોદરા-૧

અમારે ત્યાં શીખી તાત્કાલિક વધારાની આવક ઊભી કરો. અમો આવકવેરો વેચાણવેરો વ.ના સલાહકાર તરીકે કામ કરીએ છીએ. તે અંગેનાં રીટર્ન પત્રક ભરાવવા માટે મળો.

## સનાતન વાણી

એવી વાત વિષયની જાણી રે, આતો બંધ શ્રીફળમાં પાણી;
તવ ચરણે મુક્તિ માણી રે, મુજ વૃત્તિ ન તું થી અજાણી.

ધરતી કેરા કણુકણુમાં પ્રભુ કરુણા તારી રમતી,
સાગર સરોવર સરિતા તીરે, અંશ રૂપે તરવરતી,
તું સઘળે સારંગપાણિ રે!...એવી વાત૦

દિશા દિશાને ઓવારેથી શ્રુતિ-નેતિના સ્વરમાં,
હરિવર કેરાં ગીત ગુંજતાં હૃદયતણા ઉંબરમાં,
તૃપ્તિ અંતર પરખાણી રે!...એવી વાત૦

કાયાની માયાનો કંઈ પણ મોહ રહ્યો ના મનમાં,
ત્યાગ અને તપના સતપંથે વિરમું વિભુશરણમાં,
વદે ધર્મ સનાતન વાણી રે!...એવી વાત૦

રજનીકાન્ત મહેતા

## ચરણે તારા સદા પ્રણામ

હે સર્વેશ્વરી, હે યોગેશ્વરી, આંખ તમારી મંગલકારી,
~~હે જગદંબે, હે મા કાળી~~; પ્રેમ- સુધાની લાગે ક્યારી;
હે ભવતારિણી મંગલકારી, જોતાં થાતી સહજ સમાધિ,
ચરણે ~~તારા~~ સદા પ્રણામ. ચરણે તારા સદા પ્રણામ.

સચરાચરમહીં તું જ વિરાજે, અંક તમારે લ્યો હે માડી,
રૂપ-અરૂપ થઈ ~~તું સાજે~~; વિરહાગ્નિ મારો ઠારો;
આનંદમયી હે વિપદ્નાશિની, જીવન તો આ થાય ઉજાણી,
ચરણે તારા સદા પ્રણામ. ચરણે તારા સદા પ્રણામ

આશા ભક્ત



## પ્રશ્નોત્તરી

### પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

[ સાધકો, જિજ્ઞાસુ કે મુમુક્ષો પોતાને મૂંઝવતા પ્રશ્નો તંત્રીને મોકલાવી શકે છે. આ પ્રશ્નોના ઉત્તરો પ. પૂ. શ્રી યોગેશ્વરજી આ માસિકના પ્રશ્નોત્તરી વિભાગમાં ક્રમશઃ આપશે. તો વાંચકોને પ્રશ્નો મોકલાવવા વિનંતી. ]

પ્રશ્ન : નામજપ કરતી વખતે એકાગ્રતા નથી જળવાતી, તેનું કારણ શું ? તે વખતે ભાત ભાતના ને જાત જાતના સંકલ્પો, ભાવો ને વિચારો મનમાં પેદા થાય છે તો એનો અંત કેવી રીતે આણવો ?

ઉત્તર : માણસના આંતરમનમાં અનેક પ્રકારના ભાવો, વિચારો, સંકલ્પો તથા રસવૃત્તિના સંસ્કારો પ્રકટ કે અપ્રકટરૂપે પડેલા હોય છે. તે મનને સ્થિર કરવાનો પ્રયત્ન કરો છો ત્યારે પ્રબળ બનીને બહાર આવે છે, ને તમારી આગળ ફર્યા કરે છે. એ સંસ્કારો ને ભાવોને નિર્મળ કરવાની કોશિશ કરો, અને એની સાથે સાથે વિઘાતક ભાવો, વિચારો કે સંસ્કારો છે, તેમને વિવેકશક્તિની મદદ લઈને જડમૂળથી નાબૂદ કરો. એમના સૂક્ષ્મ અંકુરો તમારા આંતરમનમાં પણ રહેવા ના પામે તેનું ધ્યાન રાખો. મતલબ કે મનને સ્થિર કરવાની સાધના સાથે સાથે મનને શુદ્ધ કરવાનો પ્રયાસ પણ કરતા રહો. એથી એકાગ્રતાના મંગળ કાર્યમાં મદદ મળશે. અલબત્ત, એ કામ જરાક કષ્ટસાધ્ય છે, લાંબું છે ને વિકટ છે, પરંતુ એવા એવા વિચારો કરીને નિરાશ થવાની, નાહિંમત બનવાની કે નાસીપાસ થઈ જવાની જરૂર નથી. આત્મવિશ્વાસ, આત્મ-નિરીક્ષણ, ધીરજ તથા હિંમત સાથે આગળ વધવાથી મનની

એકાગ્રતા અવશ્ય સિદ્ધ થશે. અને નામજપ કે ધ્યાનનો અભ્યાસ કરતી વખતે મન બહારના ચિંતન–મનનને મૂકી દેશે અથવા તો અંતર્મુખ બની જશે. એ વખતે અદ્ભુત આનંદનો અનુભવ થશે.

પ્રશ્ન : નામજપ દરમ્યાન મનની સ્થિરતા માટે બીજી કોઈ પ્રક્રિયા ઉપયોગી થઈ શકે ?

ઉત્તર : હા, જરૂર થઈ શકે. આ માટે બે પ્રકારની પ્રક્રિયાઓ સૂચવી શકાય : એક તો જપ કરતી વખતે કે ધ્યાન ધરતી વખતે, શ્વાસપ્રશ્વાસની ક્રિયા કે ગતિનું નિરીક્ષણ કરો. શ્વાસને લેતી વખતે એક જપ કરો અને બહાર કાઢતી વખતે બીજો જપ કરો. જો જપ લાંબો હોય તો તેને એકથી વધારે શ્વાસમાં પણ કરી શકો છો.

બીજી પ્રક્રિયા જેના જપ કરવામાં આવે તેના રૂપનું સ્મરણ કે ધ્યાન કરવાની છે. આરંભમાં થોડો વખત એ રૂપને, મૂર્તિ કે ચિત્રરૂપે સામે રાખીને તેને જોતાં જોતાં ઉઘાડી આંખે જપ કે ધ્યાનનો આધાર લેવો. એ બન્ને પ્રક્રિયા એકાગ્રતામાં મદદરૂપ થઈ પડશે. સાધક એને અજમાવી શકે છે.

પ્રશ્ન : નામજપ કે ઈશ્વરસ્મરણ અમુક ચોક્કસ સમયે કરવું એ આવશ્યક ખરું ?

ઉત્તર : આરંભમાં નામજપ કે ઈશ્વરસ્મરણ અમુક નિશ્ચિત સમયે કરવું આવશ્યક છે. એની ભલામણ કરવા પાછળનો હેતુ એ છે કે ઈશ્વરસ્મરણનું આવશ્યક ને ઉપકારક કામ નિયમિત રીતે થઈ શકે. જો નિશ્ચિત સમયનો આગ્રહ કે નિયમ રાખવામાં ન આવે તો પરિણામ શું આવે, તે જાણો છો ? માણસો મનમાની કરે, એટલે આજે જપ કરે ને કાલે ના કરે. રોજ કરે તો પણ સમયે ના કરે.



આજે સવારે કરે, કાલે બપોરે, પરમ દિવસે સાંજના કરે, ને તે પછીના દિવસે રાતે કરે કે પછી બિલકુલ ના કરે. આથી સાધનાના કામમાં આવી અવ્યવસ્થા થયા કરે. એ અવ્યવસ્થાને અટકાવવા માટે સાધકે પોતાના અભ્યાસમાં નિયમિત થવાની જરૂર છે. પોતાનો અભ્યાસ એણે નક્કી કરેલા વખતે ને નિરંતર કરવો જોઈએ. એવો નિયમિત અભ્યાસ મનને સ્થિર કે એકાગ્ર કરવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવશે. રોજના નક્કી કરેલા સમયે મન પોતાના નિયત કરેલા અભ્યાસ માટે તૈયાર થઈ જશે. ધીરે ધીરે એ અભ્યાસમાં રસ લેશે અને એકાગ્ર થતાં શીખી લેશે. નિશ્ચિત સમયના અભ્યાસનો એ લાભ નાનોસૂનો નથી જ.

પ્રશ્ન : નામજપ માટેનો ઉત્તમ સમય કયો ? દિવસના અમુક સમયે જ તે થાય તેવું ખરું ?

ઉત્તર : નામજપ માટેનો ઉત્તમ સમય આપણા સંતપુરુષો અને શાસ્ત્રોએ બ્રાહ્મમુહૂર્તનો કહ્યો છે, તે સંપૂર્ણ યથાર્થ છે. તે સમયે વાતાવરણ ખૂબ જ શાન્ત ને નિર્મળ હોય છે. વળી રાતની નિદ્રા પછી જાગ્રત થયેલું મન પણ કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિના વિચારોથી ખરડાએલું કે બાહ્ય પ્રવૃત્તિથી સ્વાભાવિક રીતે મુક્ત હોય છે એટલે તે જલદીથી એકાગ્ર બને છે. બાહ્ય વાતાવરણની શાન્તિ પણ તેને એકાગ્ર બનવામાં સહાયરૂપ થાય છે.

વ્યવહાર પરાયણ લોકોને વધુ સમય ના મળે એટલે વહેલી સવારનો કે સાંજનો શાંત સમય અનુકૂળ પડે. તેમને માટે દિવસમાં ઓછામાં ઓછું બેવાર શાંતિપૂર્વક ઈશ્વરસ્મરણ કરવાનું વિધાન કરેલું છે. જેથી એટલો સમય તો તે ગમે તેમ કરીને, અવકાશ મેળવીને નામ–જપ કે ઈશ્વરસ્મરણ કરે જ. એનો અર્થ એવો નથી કે ઈશ્વરસ્મરણ કે નામજપ એટલો જ વખત થઈ શકે. શરૂઆતના તબક્કામાં

તે બરાબર છે. પરંતુ પછી તો એ વખતમાં વધારો થવો જોઈએ અને છેવટે એક અવસ્થા એવી આવવી જોઈએ એકે નામજપ ને ઈશ્વરસ્મરણ શ્વાસોપ્રશ્વાસે થઈ શકે. વ્યવહાર પરાયણ ના હોઈએ ત્યારે તો ખરું જ. પરંતુ વ્યવહારમાં રત હોઈએ ત્યારે પણ એવી ટેવ પાડવી જોઈએ કે જેથી તે દરમિયાન માનસિક રીતે ઈશ્વરસ્મરણ થઈ શકે. પહેલાં એવી ટેવ પાડવી પડે છે, પરંતુ પછી ઉત્તરોત્તર આગળ વધતાં એવી ટેવ સ્વાભાવિક થઈ જશે. ઈશ્વરના પ્રેમી અનુભવી ભક્તો તો કહે છે કે જીવનમાં ઈશ્વરસ્મરણ અખંડ અથવા તો સતત રીતે થવું જોઈએ, એવી એકે પળ કે વિપળ ના હોવી જોઈએ, જ્યારે ઈશ્વરસ્મરણ ના થતું હોય.

પ્રશ્ન : નામજપ કોના કરવા જોઈએ ? મનને ગમતી ગમે તે કોઈ વ્યક્તિના થઈ શકે ખરા ?

ઉત્તર : કોના નામજપ કરવા તે સાધકની રુચિ ઉપર આધાર રાખે છે; પરંતુ એક વસ્તુ નિશ્ચિત કે તે ભગવાનના કોઈક ને કોઈક સ્વરૂપ અવતાર અગર સંત-મહાપુરુષના હોવા જોઈએ.

આપણે નામજપ કરીએ ત્યારે શું પ્રક્રિયા થાય છે, તે સમજીશું તો આ પ્રશ્નનો જવાબ મળી જશે. આપણે ભગવાનના જે સ્વરૂપ અગર સંત-મહાપુરુષના નામનો જપ કરીએ છીએ ત્યારે તે સ્વરૂપ કે સંત સાથે આપણો સંકલ્પ દ્વારા સંબંધ બંધાય છે. વ્યવહારમાં પણ તમે કોઈ વ્યક્તિને ખૂબ પ્રેમપૂર્વક સતત યાદ કરો છો, ત્યારે તેનું સાહજિક આકર્ષણ તમારા પ્રત્યે થાય છે, એવું તમે અનુભવો છો. આ નામજપમાં પણ એવું જ છે.

હવે ભગવાનનાં સ્વરૂપો કે સંત-મહાપુરુષો ચિન્મય હોઈ, સ્વયં સર્વશક્તિમાન છે. એથી એમનું સ્મરણ, મનન કે અનુસંધાન, તેમને ભજનાર ભક્ત કે સાધકને યોગ્ય સમયે મદદ કરે છે જ. જ્યારે બીજી બાજુ, તમે જો કોઈ એવી વ્યક્તિને ભજો કે જે પોતે સ્વતંત્ર શક્તિ ધરાવતી નથી તો એનું સ્મરણ, મનન કે જપ તમને કોઈ રીતે ઉપયોગી નહીં થઈ શકે. એટલા માટે જ ભગવાન કે ભગવાનનાં કોઈ પણ સ્વરૂપ અથવા સંત-મહાપુરુષનું સ્મરણ કે જપ કરવા સૂચવવામાં આવે છે.



આપણા વ્યવહારમાં પણ જે માણસ પાસે કંઈ છે તે જ તમને કંઈ આપી મદદ કરી શકે છે. જેની પાસે કંઈ નથી કે આપવાની શક્તિ નથી, તે તમે ગમે તેટલી યાચના કે પ્રાર્થના કરો, તોપણ શું આપી શકશે ? એટલે તમારા જે કોઈ ઇષ્ટ હોય તેમાં શ્રદ્ધા રાખી જપ કરો તો તે અવશ્ય ફળશે.

'અધ્યાત્મ'ને શુભેચ્છાઓ સાથે

શ્રી પોપટલાલ દામજીભાઈ ઠક્કર

ભાવનગર

# પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમ જ "આફ્રિકાયાત્રા" પ. પૂ. શ્રી સર્વેશ્વરીદેવીજીની

-તંત્રી

(તા. ૧૪–૭–'૭૯ થી તા. ૩૦–૯–'૭૯)

"જગતમાં જે ઈશ્વરનું શરણ લે છે, ને સાચા દિલથી ઈશ્વરને સર્વસમર્પણ કરે છે, તેનું બધું જ ધ્યાન ઈશ્વર રાખે છે. તેને સર્વત્ર સર્વ અવસ્થામાં સુખ, શાન્તિ, સફળતા સાંપડે છે. એની પ્રસન્નતાનો પાર નથી રહેતો. જીવનની ધન્યતાની સાચી કૂંચી, પરમાત્માના સ્મરણ, મનન અને અનુસંધાનમાં રહેલી છે. માનવ એ વાતને ભૂલી જાય છે, માટે જ દુઃખી થાય છે."

મહાત્મા શ્રી યોગેશ્વરજી દુનિયાના કોઈ પણ દેશમાં જાય ત્યારે લોકોને ઈશ્વર સાથે અનુસંધાન જોડવાનો સંદેશો આપે છે. તેઓ ભૌતિક સુખસમૃદ્ધિમાં જ રચ્યાપચ્યા રહેતા માનવોને એ વાત સમજાવવા પ્રયાસ કરે છે કે માનવજીવન ખૂબ જ મૂલ્યવાન છે. એ પરમાત્માને ઓળખવા અને અન્યની સેવા માટે મળેલું છે. એનો ઉપયોગ એવી રીતે કરવામાં એની સાર્થકતા સમાયેલી છે. જીવનની પ્રત્યેક પળ, એના નિર્ધારિત સમયને ઓછી કરી રહી છે. એનો જેટલો સદુપયોગ થાય એટલું સારું.

તેઓશ્રીએ છેલ્લા બે માસમાં આફ્રિકાના ઝામ્બિયા રાજ્યનો પ્રવાસ ખેડ્યો. ત્યાં વિવિધ શહેરોની જનતાને તેઓએ ઉપરોક્ત માનવ ધ્યેયની યાદ આપવાનું કામ કર્યું. તેઓશ્રીનાં આ પ્રવચનોનું આયોજન કાબ્વે હિંદુ સમાજ ને સમસ્ત ઝામ્બિયા હિંદુ એસોસિયેશને કર્યું. તેઓશ્રીના આ પ્રવાસમાં પરમ પૂ. શ્રી સર્વેશ્વરીદેવી પણ સાથે હતાં.



કાબ્વે શહેર ઉપરાંત લુસાકા તેમ જ કોપરબેલ્ટનાં એન્ડોલા, લુયાન્સીઆ, કીટ્વે, મુફલીરા, ચીંગોલા, માઝાબુકા, મોંઝી તથા લીવીંગ્સ્ટન, ચોમા વગેરે શહેરોમાંનાં પ્રવચનોમાં સાચી ભારતીય આધ્યાત્મિક પરંપરાની યોગ્ય રીતે રજૂઆત કરી. વળી ધર્મને નામે ખોટી પ્રચલિત માન્યતાઓને પણ દૂર કરવામાં તેઓએ સારો ફાળો આપ્યો.

કાબ્વે ખાતેના અખિલ ઝામ્બિયા દેશના તા. ૫ થી ૬ ઓગસ્ટ–૭૯ બે દિવસના વિશાળ ભજન સંમેલનમાં તેઓશ્રીએ પાંચ પ્રવચનો આપ્યાં. તેમાં છેલ્લા દિવસે સંમેલનમાં ત્યાંના ગવર્નર, મેયર, ઉચ્ચ સરકારી અધિકારીઓ તેમ જ શહેરના સંભાવિત લોકો સમક્ષ તેઓશ્રીએ ખૂબ મનનીય પ્રવચન અંગ્રેજીમાં આપ્યું. સમગ્ર પ્રવાસ દરમ્યાન પ. પૂ. શ્રી સર્વેશ્વરીદેવીએ સ્વરચિત તેમ જ પૂજ્ય શ્રી યોગેશ્વરજીનાં રચેલાં ભાવભરપૂર ગીતો, ભજનો ને ધૂનોની રજૂઆત ખૂબ જ મધુર છતાં બુલંદ કંઠે કરી. એમનાં આ ભજનો ત્યાંની જનતામાં ખૂબ જ લોકપ્રિય બન્યાં.

વિશેષમાં આ બધાં શહેરોમાં પ્રવચનો ઉપરાંત રોજ સવારે બધે ધ્યાનની બેઠકો પણ કરવામાં આવી. ધ્યાનમાં રસ લેનારા સાધકો તેમાં જોડાયા અને મદદ મેળવી. તેમાં આસનો, પ્રાણાયામના પ્રકાર અને મુદ્રાઓ વિશે પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા માહિતી આપવામાં આવેલી.

પૂ. શ્રી સર્વેશ્વરીદેવીની ઉપસ્થિતિને લીધે બહેનોને ખાસ લાભ મળ્યો. તેઓએ બહેનોને યોગાસનો અંગે માર્ગદર્શન આપ્યું, તેમ જ નવાં નવાં શહેરોમાં શ્રોતાઓને પૂજ્યશ્રીનો પરિચય કરાવવાનું કામ તેઓએ કર્યું. તેમના સાદા, પવિત્ર, સંયમી અને ધર્મમય જીવનની અસર લોકોમાં ખૂબ સારી પડી. ત્યાંના કેટલાક વિસ્તારોમાં તાંબાની ખાણો

આવેલી છે. એટલે તે વિસ્તાર ખૂબ સમૃદ્ધ છતાં શાંત છે. સાધના માટે પણ અનુકૂળ જણાયો.

વર્ષો પહેલાં નારેશ્વરવાળા શ્રી રંગ અવધૂત મહારાજ આ દેશમાં આવેલા ને થોડા મહિના રોકાયેલા. એ રીતે સાચા આધ્યાત્મિક સંતો માટેની અભિરુચિ અહીં લોકોમાં પડેલી જણાઈ.


'અધ્યાત્મ'ને શુભેચ્છાઓ સાથે

ભગવાનજી માણેકચંદ એન્ડ કું.

સીમેન્ટના વેપારી

લોખંડ બજાર, ભાવનગર-૧





## શ્રી કૃષ્ણ પ્રભુની માનસ પૂજા

[ સગુણ ઉપાસનાના આરાધ્યદેવ શ્રી કૃષ્ણપ્રભુની માનસપૂજામાં ભક્તના ગોપીભાવ સુંદર શબ્દોમાં અક્ષરદેહ પામ્યા છે. ભગવાનની શોભાની પરાકાષ્ઠા ત્યાં આવે છે કે તેને નિરખીને ભક્તને વાસના થતી નથી, પરંતુ તેના મનની સઘળી વાસના સળગી જાય છે-બળી જાય છે.

કવિરાજ ગોસ્વામી કહે છે કે—" આત્મેન્દ્રિય પ્રીતિની ઇચ્છા કામ છે અને કૃષ્ણેન્દ્રિયપ્રીતિની ઇચ્છા પ્રેમ છે. " ]

જમુના જળમાં કેસર ઘોળી, સ્નાન કરાવું શામળા;
હલકે હાથે અંગો ચોળી, લાડ લડાવું શામળા.—ટેક

વસ્ત્રે અંગો લૂંછી આપું, પીળું પીતાંબર શામળા;
તેલ સુગંધી નાખી આપું, વાંકડિયાળા વાળમાં.—૧

કુમકુમ કેરું તિલક સજાવું, ત્રિકમ તારા ભાલમાં;
અલબેલી આંખોમાં આંજું, અંજન મારા વ્હાલમા.—૨

હસતી જાઉં વાતે વાતે, નાચી ઊઠું તાલમાં;
નજર ન લાગે શ્યામસુંદરને, ટપકાં કરી દઉં ગાલમાં.—૩

પગમાં ઝાંઝર રુમ ઝુમ વાગે, કરમાં કંકણ વ્હાલમા;
કંઠે માળા કાને કુંડળ, ચોરે ચિત્તડું ચાલમાં.—૪


મોરમુકુટ માથે પહેરાવી, મોરલી આપું હાથમાં;
કૃષ્ણકૃપાળુ નિરખી શોભા, સળગે સઘળી વાસના.—૫

# શીર્ષાસન


શીર્ષાસન

મણીભાઈ શાહ

શીર્ષ એટલે માથું અને આસન એટલે સ્થિતિ. શરીરને માથા ઉપર ઊભું રાખવાનું હોઈ આ આસનનું નામ 'શીર્ષાસન રાખવામાં આવ્યું છે.




ચિત્રપટ-૧




ચિત્રપટ-૨

**આસનની રીત :**

ગોઠણ પર જમીન ઉપર બેસી જાઓ અને બંને હાથની આંગળીઓ સામસામી પરોવી આંકડા ભીડો. હવે આંકડા-વાળા હાથ અને બંને કોણી જમીન પર ટેકવો. જુઓ ચિત્ર નં. ૧.

બે કોણી વચ્ચે આશરે એકાદ ફૂટનું અંતર રાખો. બે કોણી અને આંકડાવાળા હાથથી એક ત્રિકોણ બનશે. આ ત્રિકોણ પર જ શીર્ષાસનમાં શરીરને સમતોલ રાખવાનું છે.

હવે માથું જમીન પર ટેકવી માથાની પાછળ આંકડા-વાળા હાથે આધાર આપો. જુઓ ચિત્ર નં. ૨. જમીન પર માથાનો મધ્ય ભાગ મૂકવાનો છે, કપાળ નહીં.

પછી બંને પગના પંજા જમીન પર જ રાખી ગોઠણ જમીનથી ઊંચા કરી પગ સીધા કરો. જુઓ ચિત્ર નં. ૩.

હવે બંને પગના પંજા ધીરે ધીરે ચિત્ર નં. ૩ તીરની દિશામાં છાતી તરફ લઈ જાઓ. પણ તેમ કરતાં ગોઠણમાંથી પગ વળી ન જાય તેનું ધ્યાન રાખો અને માથાથી નિતંબ સુધીનું શરીર સીધી રેખામાં આવે ત્યાં સુધી પગના પંજા છાતી તરફ ખેસવી લો અને પછીની સ્થિતિ માટે સ્થિર થાઓ. જુઓ ચિત્ર નં. ૪.

ચિત્ર નં. ૪ પ્રમાણેની સ્થિતિમાં આવ્યા પછી બંને ગોઠણ વાળી છાતી લગોલગ લાવો. જુઓ ચિત્ર નં. ૫.

પછી બંને પગના પંજા જમીન પરથી ઊંચકી લેવાના છે. જુઓ ચિત્રપટ રનું ચિત્ર નં. ૬. પરંતુ પંજા ઊંચકતાની સાથે સાથે હાથના તથા પીઠના સ્નાયુઓનું થોડું બળ વાપરી સ્નાયુઓને સતાણ ( contract ) કરવાના છે જેથી હાથ કોણીથી બનેલા ત્રિકોણ ઉપર શરીરને સમતોલ રહેવા માટે મજબૂત આધાર મળી રહે. પગના પંજા ધીરેથી ઊંચકવાના છે, ફંગોળ-વાના નથી. સામાન્ય રીતે પંજા ઊંચકતા જ શરીર સમતોલ રહી જાય છે પણ જો ન રહે તો હાથ અને કોણીથી બનેલો ત્રિકોણ સરખી રીતે ગોઠવી લેવાનો છે. જો બે કોણીઓ વચ્ચે વધારે અંતર હશે તો તોલ પાછળ જતો રહેશે ને પાછળ ગબડી જવાશે. બહુ ઓછું અંતર હશે તોપણ શરીરને સમતોલ રાખવું શકય નહીં બને.



ચિત્ર નં. ૬ ની સ્થિતિનો જ થોડા દિવસ અભ્યાસ કરવાનો છે. તેથી શરીરને સમતોલ રાખનારા સ્નાયુઓ ટેવાઈ જશે. પછી આગળ વધવું સહેલું પડશે.

કેટલાક આ આસન ભીંતને ટેકે કરે છે પણ વગર ટેકે વહેલા શીખી શકાય છે. ભીંતના ટેકાથી આત્મવિશ્વાસ આવતો નથી. પરંતુ ઉપર કહેલ ત્રિકોણની સમજણ આવી જાય તો ત્રણ પાયાની ટીપોય ઉપર જેમ ફૂલદાની પડી રહે તેમ વગર પ્રયત્ને શરીર સમતોલ રહે છે. એટલે ભીંતનો કે કોઈનો ટેકો લેવા કરતાં ત્રિકોણની સમજણથી આ આસન વહેલું શીખી શકાય છે.

પંજા ઊંચકીને સ્થિર રહેતાં આવડે એટલે બંને પગની પીંડીઓ સાથળ સાથે અને પાનીઓ નિતંબ સાથે લગાડી દો. જુઓ ચિત્ર નં. ૭. આ સ્થિતિનો પણ થોડા દિવસ મહાવરો કરવો જરૂરી છે.

ત્યારપછી બંને ગોઠણ ઊંચકી ધડની સાથે ચિત્ર નં. ૮ માં બતાવ્યા પ્રમાણે કાટખૂણે કરો.

ચિત્ર નં. ૮ ની સ્થિતિમાં શરીરને સમતોલ રાખી બંને પગ તીરની દિશામાં ધીરે ધીરે ઊંચે લઈ જાઓ. પગને ઊંચે લઈ જવાનું અલગ પગથી બતાવેલ છે અને છેવટે પગ પૂરેપૂરા સીધા કરવાના છે જુઓ ચિત્ર નં. ૯. આટલું થાય ત્યારે શીર્ષાસન પૂર્ણ થયું ગણાય.

માથા પાછળ આંકડાથી આધાર કેમ આપવો તે ચિત્ર નં. ૧૦માં દર્શાવેલ છે.

શીર્ષાસન જેટલો સમય કરવાનું હોય તે સમય પૂરો થતાં ધીમે ધીમે ઊલટા ક્રમથી આટોપી લેવાનું છે. એકદમ પગ જમીન ઉપર પડતા મૂકી ઝડપથી માથું ઊંચકી બેઠા થઈ જવાનું નથી. કયારેક તેમ કરતાં ફેર ચડવા સંભવ છે. તેથી શીર્ષાસનની આદિથી અંત સુધીની સમગ્ર ક્રિયા ઉતાવળે

ન કરતાં ક્રમસર ધીમેથી કરવી અને શીર્ષાસન પૂરું કરવું.

**ફાયદા :** શીર્ષાસન મસ્તિષ્કને શુદ્ધ લોહી પૂરું પાડતું હોઈ મગજ અને તે દ્વારા સમગ્ર નાડીતંત્રને નિરોગી ને સબળ બનાવે છે, ઇન્દ્રિયોને સતેજ ને સંવેદનશીલ કરે છે, મસ્તિષ્કમાં આવેલ ગ્રંથિઓ ( glands ) પણ સક્ષમ રીતે કાર્ય કરે છે અને પાચનતંત્ર સબળ થતાં જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

આમ શરીરના તંત્રોને શીર્ષાસન અસરકારક લાભ પહોંચાડતું હોઈને શરીર–મનના આરોગ્ય માટે શીર્ષાસન યોગનું એક મહત્ત્વનું આસન છે.

**સૂચના :**

સામાન્ય રીતે હરકોઈ નીરોગી વ્યક્તિ આ આસન કરી શકે પણ નીચેની કેટલીક સૂચનાઓ ધ્યાનમાં રાખવાની છે.

(૧) આ આસન જાડી શેતરંજી અગર તો ચોવડી ચાદર ઉપર કરવું જોઈએ. ઓશીકા કે ગાદી ઉપર કરવાથી સમતોલતા જળવાતી નથી. કઠણ જમીન કે લાદી પર કરવું પણ ઠીક નથી.

(૨) ભારે સળેખમ થયું હોય ત્યારે પણ આ આસન ન કરવું.

(૩) કાન દુખતા હોય કે વહેતા હોય ત્યારે પણ ન કરવું.

(૪) હૃદયના રોગવાળાએ ન કરવું અને શીર્ષાસન કર્યા પછી હૃદયના ધબકારા વધી જાય તોપણ ન કરવું.


(૫) આંખો નબળી હોય અર્થાત્ આંખની નસો કે કેશવાહિનીઓ નબળી હોય તેણે પણ ન કરવું.

(૬) બહુ જ કઠણ મળ આવતો હોય તેણે પણ ન કરવું.

(૭) ભારે વ્યાયામ કર્યા પછી તરત જ શીર્ષાસન ન કરવું પણ ૨૫–૩૦ મિનિટના આરામ પછી કરી શકાય.

ઉપર બતાવ્યા તેવાં બીજાં કારણો હોય તો ડોકટર કે યોગવિદ્‌ની સલાહ લેવી આવશ્યક ગણાય.





# "ભગવાન બુદ્ધનું સાક્ષાત દર્શન"

✻

ધ્યાન કેવી રીતે કરવું તેની મને ખબર ન હતી. સમાધિની સમજ પણ તે દિવસોમાં બરાબર ન હતી. માત્ર તેની ઝાંખી સરખી કલ્પના હતી. એકાંતમાં આંખ મીંચીને શાંતિપૂર્વક બેસી રહેવું ને મનને નિર્વિચાર કરી દેવું, તેને હું ધ્યાન માનતો. એવું ધ્યાન મને ગમતું. એનો અભ્યાસ વહેલી સવારે તથા રાતે કરવાનો મેં નિયમ રાખ્યો. તેથી મને શાંતિ મળી. એમ કરતાં કરતાં શરીરનું ભાન ભૂલાઈ જશે, મન સંપૂર્ણપણે એકાગ્ર બનીને પોતાના મૂળ સ્વરૂપ પરમાત્મામાં મળી જશે, ત્યારે સમાધિની સિદ્ધિ થશે, એવો મારો ખ્યાલ હતો. તેવી સિદ્ધિ માટે હું પ્રયાસ કરતો પણ તેની પ્રાપ્તિનું કામ જરા કઠિન હતું. મોટા મોટા સાધકો ને જ્ઞાનીઓને માટે પણ તે કઠિન છે, તો પછી હું તો એક સાધારણ અનભિજ્ઞ બાળક હતો. મારામાં જ્ઞાન કે સાધનશક્તિનો છાંટો પણ ન હતો. મારે માટે તે કામ સહેલું ક્યાંથી થઈ શકે ? છતાં પણ મારા

પ્રયાસ ચાલુ હતા. મને વિશ્વાસ હતો કે માની કૃપાથી એક દિવસ મારા પ્રયાસ જરૂર સફળ થશે ને મને સમાધિ-અવસ્થાના અનેરા આનંદની પ્રાપ્તિ થઈ જશે. વિશ્વાસની એ શક્તિની સહાયતાથી મારું જીવન આગળ ને આગળ વધી રહ્યું.

તે વરસોમાં જ્યારે જ્યારે ઉનાળાની રજા પડતી ત્યારે હું વડોદરા ને સરોડામાં રહેતો. સારોડાના ગ્રામજીવનમાં મને વધારે ગમતું. સરોડામાં રહેતો તે દરમ્યાન સવારે સાબરમતી નદીમાં સ્નાન કરવાનો મેં નિયમ રાખેલો. તે ઉપરાંત રોજ બપોરે ગામથી થોડે દૂર એકાંતમાં આવેલા સિદ્ધેશ્વરી માતાનાં સ્થાનમાં જઈ ને હું બેસતો. ત્યાં માતાનાં મંદિરમાં બેસીને પ્રાર્થના ને ધ્યાન કરતો. એવી રીતે મારો વખત શાંતિપૂર્વક પસાર થઈ જતો. વડોદરામાં પણ સાંજે રાજમહેલ રોડ તરફ ફરવા જવાની મેં ટેવ પાડેલી.

એવી જ રીતે એક વેકેશનમાં હું વડોદરા ગયો હતો. તે વખતે મારી ઉંમર સોળેક વરસની હતી. માતાજીના ભાઈ રમણભાઈ વડોદરાની લોહાણા બોર્ડીંગના મકાનમાં જ રહેતા. તેમના મકાનમાં એક નાનું સરખું માળિયું હતું. ત્યાં બેસીને હું કોઈ સારાં પુસ્તકનું વાચન ને સાંજે એકાદ કલાક પ્રાર્થના ને ધ્યાન કરતો. સૂર્યાસ્ત થયા પછી થોડી વારે માળિયામાં અંધારું છવાઈ જતું એટલે મને આનંદ આવતો. કારણકે અંધારું મને પ્રથમથી જ પ્યારું લાગતું. અંધારા એકાંતમાં પ્રાર્થના ને ધ્યાન કરતાં કલાકો લગી બેસી રહેવાની કેટલાય વખતથી મેં ટેવ પાડેલી.

એક દિવસ સાંજનો સમય હતો. માળિયાની નાની સરખી બારીમાંથી બહારનું ખુલ્લું આકાશ દેખાતું. તેમાં છવાઈ ગયેલાં સંધ્યાના સુંદર રંગોનું દર્શન કરતાં હું બારી પાસે ઊભો રહ્યો. તે વખતે મને ધ્યાનમાં બેસવાનું મન થયું. હું ધ્યાનમાં બેઠો.



તે દિવસે કોણ જાણે કેમ પણ મને ધ્યાનમાં ઊંડી શાંતિ મળી. કોઈ શીતળ સરિતામાં સ્નાન કરતો હોઉં એમ મારું મન છેક જ શીતળ થઈ ગયું. લગભગ કલાક જેટલો સમય વીતી ગયો. ધ્યાનનો કાર્યક્રમ પૂરો થયો. આંખ ઉઘાડીને થોડી વાર ત્યાં ને ત્યાં જ પ્રાર્થના કરવાનો મેં વિચાર કર્યો. તે પ્રમાણે મેં આંખ ઉઘાડી. ત્યાં મારી નવાઈનો પાર રહ્યો નહિ. અત્યાર સુધી કદી પણ ના જોયેલું ને જેની કલ્પના પણ ન હતી એવું એક દશ્ય મારી સામે ઉપસ્થિત થયું. આ કદાચ મારા મનનો ભ્રમ કે મારી આંખોની નબળાઈ તો નથી ને, એમ વિચારીને મેં ધ્યાનાવસ્થામાંથી તાજી ઊઘડેલી મારી આંખને ચોળી જોઈ. એક વાર ફરી બંધ કરીને ઉઘાડી. પણ તે દશ્ય તો એવું જ અચલ રહ્યું. વાત એમ હતી કે મારી સામે લગભગ બે ફૂટ જેટલે જ દૂર માળિયામાં બધે પ્રકાશ પથરાઈ ગયેલો અને એની વચ્ચે મારી બરાબર સામે એક મહાપુરુષની આકૃતિ પ્રકટેલી. તે મહાપુરુષ આંખ બંધ કરીને સનાતન શાંતિની મૂર્તિ બનીને બેઠેલા. તેમણે પીળા રંગનું વસ્ત્ર ચીવર પહેરેલું. તેમના તેજસ્વી સુવર્ણસમા મુખ પર મધુરતા ને નિશ્ચલતા હતી. શિરપર કાળા કોમળ જેવા કેશ હતા. તે શિરની વચ્ચે કોઈ પ્રાચીન ઋષિવરની પેઠે બાંધેલા હતા. એવી અપાર શોભાના સાકાર સ્વરૂપ જેવા એ મહાપુરુષ મારી તદ્દન નજીક વિરાજેલા. તેમને ઓળખી કાઢતાં મને વાર ના લાગી. તેમનાં ચિત્રો મેં જોયાં હતાં. તેમની સાથે તેમની આકૃતિ તદ્દન મળતી હતી. એટલે મને નક્કી કરતાં વાર ના લાગી કે આ મહાપુરુષ ભગવાન બુદ્ધ છે. પ્રભુના એક મહાન પ્રતિનિધિ, અવતાર. પ્રેમ ને ત્યાગની મૂર્તિ અને અહિંસાના ઉપદેશક ભગવાન બુદ્ધ જ કૃપા કરીને મારી સામે પ્રગટ થયા છે ને મને તેમનાં દર્શનનો દુર્લભ લાભ મળી રહ્યો છે, એ વિશે મને તલ માત્ર સંદેહ ના રહ્યો. રામકૃષ્ણદેવ જેવા મહાપુરુષોના જીવનમાં આવાં દર્શનના પ્રસંગો મેં

વાંચેલા. સાધકના જીવનમાં મહાપુરુષો, દેવતાઓ ને ઈશ્વરના અવતારનાં દર્શનના આવા પ્રસંગો આવે છે તે વાતની ખબર પણ મને તેથી જ પડેલી. ભગવાન બુદ્ધનું જીવન મેં વાંચેલું, તે મને ખૂબ જ ગમેલું. તેમની જેમ જ આત્મોન્નતિ કરવાનો મારો વિચાર હતો. તે વિચારને જાણી લઈને ભગવાન બુદ્ધ પોતે જ મને આશીર્વાદ આપવા આવ્યા કે શું? મારા સુષુપ્ત સંસ્કારને જાગૃત કરવા ને મારી સાથેનો પોતાનો પુરાતન સંબંધ ફરી ચાલુ કરવા તેમણે આ ઉત્તમ તક ઊભી કરી કે શું? એક સારા સાધક તરીકે મારી યોગ્યતા તલભાર પણ ન હતી. જ્ઞાન, ભક્તિ ને યોગના રહસ્યથી હું અજાણ હતો. ટૂંકમાં કહું તો તદ્દન કોરો હતો. છતાં પણ ઈશ્વરની કૃપાથી દર્શનનો આ અનેરો અવસર મને પ્રાપ્ત થયો. કૃપાના એ રહસ્યનો ઉકેલ કોણ કરી શકે? તેનો પાર કોણ પામી શકે? ને કોના પર, ક્યારે અને ક્યાં કૃપા કરવા માગે છે તેનો ભેદ કોણ જાણી શકે? મોટા મોટા મુનિવરોની મતિ ત્યાં મૂંઝવણમાં મુકાય છે તો મારું શું ગજું?

ગમે તેમ પણ દર્શનનો આનંદ અનેરો હતો. ભગવાન બુદ્ધની આકૃતિ કેટલી બધી પ્રેમમય અને અલૌકિક હતી? તેનું પાન કરતાં આંખ થાકતી ન હતી અને અંતરને તૃપ્તિ પણ વળતી નહીં. લગભગ પાંચેક મિનિટ સુધી એ દર્શન કાયમ રહ્યું. પછી ભગવાનની છાતી પર મોટા રૂપેરી અક્ષરો લખાયા. પહેલાં 'યુ' લખાયો તે અદૃશ્ય થઈ ગયો, પછી 'ગા' લખાયો તે પણ અદૃશ્ય થયો. એમ ક્રમે ક્રમે 'યુગાવતાર' એમ પાંચ અક્ષરો શુદ્ધ ગુજરાતીમાં લખાયા ને અદૃશ્ય થયા. તેનો સાચો મર્મ મારા સમજવામાં આવ્યો નહિ. તે પછી બુદ્ધ ભગવાનનું સ્વરૂપ સહેજ ઝાંખું થયું, વધારે ઝાંખું થયું, ને છેવટે આકાશમાં મળી ગયું કે અદૃશ્ય થયું.



દર્શનનો આવો પ્રસંગ મારે માટે પહેલો જ હતો, તેથી મારો ઉત્સાહ વધી ગયો. સાધકના જીવનમાં આવા અનુભવથી ઉત્સાહ વધે ને શ્રદ્ધા બળવત્તર બને એ સમજી શકાય તેમ છે. તેથી સાધનામાં મન પણ વધારે લાગે અને એકાગ્રતા વધે, એથી ઈશ્વર કેટલીક વાર સાધકોના જીવનમાં આવા પ્રસંગો પેદા કરે છે. પણ જેને આવા અનુભવો ના મળતા હોય તેણે પણ નિરાશ થવાની જરૂર નથી, કેમકે દરેકના અનુભવ એક સરખા ભાગ્યે જ હોય છે. અનુભવની વધારે ચિંતા કર્યા વિના સાધનાને માર્ગે આગળ ને આગળ વધતા રહેવું જોઈએ.

રામકૃષ્ણદેવે કહ્યું છે કે કેટલાંક ઝાડને પહેલાં ફળ ને પછી ફૂલ આવે છે. તેમ કેટલાક સાધકોને પહેલાં અનુભવ થાય છે ને પછી તે સાધકો સાધના કરે છે. મારા સંબંધમાં એ વાત સાચી ઠરી. નહિ તો કોઈ પણ પ્રકારની વિશેષ સાધના વિના મને આવો અનુભવ ક્યાંથી થાત? કદાચ તેમાં જન્માંતર સંસ્કારો કારણરૂપ હશે.

ભગવાન બુદ્ધની એ અલૌકિક આકૃતિ આજે પણ એવી જ યાદ આવે છે. તે પછી તો તેમના પ્રત્યેનો મારો પ્રેમ ઘણો વધી ગયો છે. તેવી રીતે ભગવાન બુદ્ધને માટે જેના દિલમાં પ્રેમ હોય ને જેનું અંતર તેમનું દર્શન કરવા આતુર હોય તે આજે પણ તેમનું દર્શન કરી શકે છે, એવો મારો વિશ્વાસ છે. મારામાં તે વખતે વિશેષ પ્રેમભાવ ના હોવા છતાં તેમણે મને દર્શન આપ્યાં તો જે રાતદિવસ તેમના પ્રેમમાં રંગાઈ જશે ને તેમની યાદમાં ચકચૂર બનશે તેને તો તે દર્શન દેશે જ, એ નક્કી છે. ભગવાન બુદ્ધનો આ સંદેશ છે. એ સંદેશના પ્રદાતા ભગવાન બુદ્ધને મારા પ્રણામ છે.

# પ્રભુના વિરહ મિલનની અવસ્થાના ભાવો

પૂ. શ્રી યોગેશ્વરજી

શ્રી ચૈતન્ય મહાપ્રભુએ ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત કરતાં પહેલાં ભક્તની વિરહાવસ્થાનું વર્ણન એક સુંદર પદાવલિમાં કર્યું છે.

नयन गलदश्रुधारया
वचनं गद्‌गद्‌रुद्धया गिरा।
पुलकैर्निचितं वपुः
कदा तव नामग्रहणे भविष्यति।

તારા નામનો ઉચ્ચાર કરતાં મારી આંખોમાંથી આંસુનો પ્રવાહ વહેવા માંડે, મારો કંઠ રૂંધાઈ જાય, અને હું બોલી ન શકું, મારાં રોમ રોમ પુલકિત થઈ જાય, એ દિવસ ક્યારે આવશે, મારા પ્રભુ !

ઈશ્વરનું દર્શન થતાં પહેલાંનો આ ભાવ, દર્શન થતાં કેવો બદલાઈ જાય છે તેનું સુંદર આલેખન પ. પૂ. શ્રી યોગેશ્વરજીના "તમને જોતાં વેંત જ" - ગીતમાં જોવા મળે છે. ગીત આ પ્રમાણે છે :

તમને જોતાં વેંત જ મારી વાણી જાયે થંભી,
કરું ઉપાય અનેક છતાં વાત શકું ના આરંભી;
આંસુ પ્રવાહો આંખે ચાલે પ્રાણ ધડકતો મારો,
અનંત સુખ સાંપડતાં મારો મટી જાય શ્રમ સારો.

મંગલ મુખનું દર્શન કરતાં, હૈયું હરખી જાય,
ભાવવિભોર બનીને ઊછળે, સહજ સમાધિ થાય;
યોગ-સાધના તપ ને વ્રતનું ફળ મળતું મુજને,
તીરથનો મહિમા ફેલાયે, પુલકિત થાય તને.

પાગલ પ્રાણ પ્રસન્ન બનીને પૂજા કરે તમારી,
રોમ રોમમાં અનુરાગતણી ખીલી ઊઠે ક્યારી,
એ ઉત્સવની તોલે કોઈ ઉત્સવ ખરે ન આવે,
કો બડભાગી જન એ પાવે, કો બડભાગી ગાવે.



# શ્રેયયાત્રા

ભાઈલાલભાઈ છાટબાર

(૧)

## પ્રથમ મેળાપ

સંતમહાત્માઓનાં દર્શન-વંદને જવાની, તેમનાં ચરણોમાં બેસી આધ્યાત્મિક દિશામાં કંઈક પ્રાપ્ત કરવાની સુરુચિ અને સુરતા પ્રકૃતિગત હોઈ, યુનાઇટેડ પ્રેસમાં કોઈ યોગી અને જ્ઞાની મહાત્મા પુરુષ આવી ઊતર્યા છે એમ સાંભળતાં નવરાત્રની અષ્ટમી ( સં. ૨૦૦૮, તા. ૨૬-૯-'૫૨ )ની રાતે નવ વાગ્યે હું ત્યાં દર્શન-વંદન માટે ગયો. આ ગુજરાતી મહાત્માજી હિમાલય-નિવાસી છે, તે જાણીને વિશેષ જિજ્ઞાસા હતી.

આ પ્રેસ કસ્ટમ ઓફિસ પાસે મહુવામાં આવેલ છે. પ્રેસના વિશાળ કમ્પાઉન્ડમાં ઉતારો ડાબી બાજુના છેડા પરના સ્વતંત્ર કવૉર્ટર્સમાં એકાન્તમાં અલાયદો હતો.

આ નાનકડા શહેરમાં વીજળી-નળની સગવડ હજી થઈ ન હતી.

પ્રેસના દરવાજે આવેલી ઓફિસની બેઠકનું ફાનસ દૂરના કવૉર્ટર્સ સુધી પ્રકાશ પાથરતું ન હતું. ઓફિસની લગોલગ જમણી બાજુએ પ્રેસ મૅનેજરનું કવૉર્ટર્સ હતું. તેમાં બળતા દીવા ઘર આગળ થોડો પ્રકાશ ફેલાવતા હતા.

વાતાવરણ સૂમસામ હતું. મહાત્માજીના ઉતારા તરફ રેલાતો આ ધૂંધળો અસ્પષ્ટ પ્રકાશ ચોતરફના અંધકારને વધારે સુસ્પષ્ટ કરતો હતો. દૂર ઉતારામાં પણ ઝાંખો અસ્પષ્ટ પ્રકાશ દેખાતો હતો. વાટ સંકોરીને ધીમું કરાયેલું ફાનસ બળતું હતું.

પગદંડી પરથી કવૉર્ટર્સ ઉપર પહોંચ્યો તો કવૉર્ટર્સના દ્વાર પર ઊંબરામાં માતાજી બેઠાં હતાં.

મેં કહ્યું : અહીં મહાત્માજી ઊતર્યા છે, તેમનાં દર્શને આવ્યો છું.

માતાજીએ ઉત્તર વાળ્યો : મહાત્માજી હમણાં થોડી વાર પહેલાં સૂઈ ગયા છે. તેમને નવરાત્રના ઉપવાસ ચાલે છે. આજે આઠમો ઉપવાસ છે.

ફરીથી આવીશ, એમ કહી હું તે રાતે ઘરે પાછો ફર્યો.

એકાદ અઠવાડિયા પછી તા. ૫–૧૦–'૫૨ રવિની સવારે નવ વાગ્યે મારા સુપરિચિત સ્થાનિક બેંક મેનેજર સાથે હું ફરીથી પ્રેસમાં ગયો.

ઉતારાના કવોર્ટર્સને પણ અલગ કમ્પાઉન્ડ હતું. તેમાં પ્રવેશ કરી, બેઠા ઘાટના આ કવોર્ટર્સનાં પગથિયાં ચઢી બેઠકખંડની ઓશરીમાં અમે દાખલ થયા. ઓશરીમાં જમણી બાજુના બેઠકખંડમાં પ્રવેશ કર્યો. મહાત્માજી સામે જ ગાદીના આસને બેઠા હતા. વંદન કરીને અમે સન્મુખ ગોઠવાયા.

ઘૂંટણથી નીચે નળા સુધી પહોંચતો દોઢેક વારનો સફેદ ખાદીનો ટુકડો મહાત્માજીએ કમરે વીંટાળ્યો હતો. તેવો જ એક ટુકડો શરીર પર ઓઢ્યો હતો. દાઢી અને જટા ન હતી. ગરદન સુધી અટકી જતા વાળ વ્યવસ્થિત હતા. ગળામાં કોઈ માળા ન હતી. કપાળ પર અંકિત કોઈ ચિહ્ન ન હતું. સાદાઈ, સ્વચ્છતા અને સુઘડતા ઊડીને આંખે વળગે તેવી હતી.

માતાજીએ બાજુના રસોડામાંથી ડોકિયું કર્યું અને તેઓનું સ્નેહાળ સ્મિત અને આવકારના શબ્દ અમને મળ્યા. થોડી વાર પછી આવીને તેઓ પણ એક અલગ આસન પર બેઠાં.

બેઠકખંડના પ્રવેશદ્વારની જમણી બાજુના ખૂણામાં એક ખુરશી હતી. મહાત્માજી અને માતાજીનાં બે આસન અને એક ચટાઈ સિવાય બીજું કશું આ ખંડમાં ન હતું.



મહાત્માજીની મુખમુદ્રા સૌમ્ય અને શાન્ત હતી. પ્રેમનીતરતાં નિર્દોષ નયનોમાં શિશુસહજ સરળતા અને પ્રસન્નતા હતી.

ચોતરફ જાણે શાન્તિનાં મોજાં પ્રસરી રહ્યાં હતાં. પ્રભાતના પ્રકાશ સાથે આનંદનું કોઈ અદ્‌ભુત મિશ્રણ થઈ રહ્યું હોય, એવો આભાસ થતો હતો. કોઈ અંતર્મુખી દૃષ્ટિવાળા આત્મરત મહાપુરુષ સન્મુખ બેઠા હોઈએ એવો ભાવ જાગતો હતો. તેઓશ્રી પરમ શ્રેષ્ઠ શાન્ત અવસ્થા પ્રાપ્ત કોઈ મહાપુરુષ દેખાતા હતા.

સમત્વપૂર્ણ, નિઃસ્પૃહી, પવિત્ર અને પારદર્શક મહાપુરુષનું આ પ્રત્યક્ષ દર્શન હતું.

સત્ય, ચૈતન્ય અને આનંદ—સચ્ચિદાનંદમાં રમણ કરી રહેલ વ્યક્તિવિશેષ સામે બેઠા હોઈએ એવું લાગતું હતું. તેઓશ્રી અંદર અને બહાર એકસમાન અને એકરસ દેખાતા હતા. ચેતના જાણે જાગીને આનંદિત બની રહી હતી. રોમેરોમમાંથી પરમાત્માની સુવાસ પ્રકટ થતી જોવા મળતી હતી. શ્વાસપ્રશ્વાસમાં એક લયબદ્ધ સંગીત ચાલી રહ્યું હતું. પાસે બેસતાં શીતળતા સૌ કોઈને ઘેરી વળતી અનુભવાતી હતી. તેઓશ્રીના જેવો જ આનંદ સૌ કોઈના હૃદયમાં હિલોળ લેવા લાગે એ રીતે આનંદ સંક્રાંત થઈ રહ્યો હતો. તેઓશ્રીની ઉપસ્થિતિ પરમાત્માની સ્મૃતિ તાજી કરી આપતી હતી. તેઓશ્રીની અમીદૃષ્ટિ સર્વ ચિન્તાભરનું વિસર્જન કરી દેતી હતી. હલનચલનમાં અજ્ઞાત પરમાત્માનું નર્તન રેલાતું દેખાતું હતું.

આ પ્રથમ દર્શન હતું. પ્રથમ દર્શને જ આવા ભાવ હૃદયમાં ઊઠેલા.

મહાત્માજીની વય ૨૫–૨૬ વર્ષ દેખાતી હતી.

મહાત્માજીએ માધુર્યપૂર્ણ અવાજે પરિચય પૂછ્યો : અહીંના જ છો ? શું કામકાજ કરો છો ?

મેં પ્રત્યુત્તર વાળ્યો : મારી સાથે આ ભાઈ છે, તે અહીં બેંક મેનેજર છે. તેઓ ફિલોસોફી લઈને એમ. એ. થયેલ છે. હું અહીંની સરકારી હાઈસ્કૂલમાં ભણાવું છું.

મેં ઉમેર્યું : અઠવાડિયા પહેલાં એક રાતે દર્શને આવેલો, પરંતુ આપના ઉપવાસ ચાલતા હતા અને આરામ માટે અંદર સૂઈ ગયા છો એમ માતાજીએ જણાવ્યું, એટલે હું ચાલ્યો ગયેલો.

મહાત્માજીએ કહ્યું : નવરાત્રમાં જ્યાં હોઉં ત્યાં પ્રતિવર્ષે હું ઉપવાસ કરું છું. કદીક પાણી ઉપર તો કદીક દૂધ ઉપર, એમ ક્રમ ચાલે છે. જગદમ્બાની આજ્ઞા પ્રમાણે તે બધું થતું હોય છે.

મેં પૂછ્યું : દર વર્ષે ગુજરાતમાં જ નવરાત્ર થાય છે ?

મહાત્માજીએ કહ્યું : કોઈવાર ઋષિકેશમાં તો કોઈવાર ગુજરાતમાં આ સમયે હોઉં છું. આસોમાં હિમાલયમાં ઠંડી બહુ વધે છે એટલે પછી ત્યાંથી નીકળી જવાનું થતું હોય છે.

તેઓશ્રીની નિખાલસતા સહેજે ગમી જાય તેવી હતી. કોઈ ગોપનીયતા ન હતી. કોઈ આડંબર ન હતો. વાણીમાં સરળતા, ઋજુતા અને આત્મીયતા હતી.

મહાત્માજીના આરાધ્ય દેવતા ભગવતી મહાશક્તિ છે અને ઈષ્ટદેવતાના આદેશ અનુસાર ચાલનાર તેઓશ્રી કોઈ પરમ ભક્ત છે, એવો ખયાલ બંધાયો. ઊંચી કક્ષાની સ્થિતિની પણ પ્રતીતિ થઈ, કેમકે ઈષ્ટનો આદેશ પામી શકતા હતા.

મહુવાના અનાજના એક વેપારીભાઈ પ્રતિવર્ષે હરદ્વાર એક માસ રહેવા જાય છે. તે વેપારીભાઈને, મહાત્માજીનો



પરિચય પામેલ અહીંના ગોરધનભાઈ સોનીએ માહિતી આપી કહેલું કે, ઋષિકેશના આ પ્રશાન્ત મહાત્મા પુરુષને આપણે ત્યાં લઈ આવવા જેવું છે. વેપારીભાઈને આ વાત ગળે ઊતરતાં ગોરધનભાઈ દ્વારા તેઓને અત્રે આવવાનું બનેલું.

આ પહેલાં પણ એક વર્ષ પહેલાં પહેલી વાર મહાત્માજી અહીં આવેલ ત્યારે તેઓશ્રી અહીં સ્ટેશન રોડ પરની હાઈસ્કૂલની બાજુના, ઉંમણિયાવદર ગામ તરફના રસ્તે, ઉમેદભાઈ મહેતાની વાડીમાં એક કુટિયામાં રહેલ. આ નિવાસ શહેરથી નજીક છતાં તદ્દન અલગ એકાંતમાં, વસતિથી દૂર હોવાથી લોકોને મહાત્માજીનો નહિવત્ પરિચય રહેલ.

વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે અલકનંદા અને ભાગીરથીના સંગમ પર આવેલ દેવપ્રયાગથી થોડે અંતરે એક નિર્જન એકાંત સ્થળે કુટિયામાં રહીને તેઓશ્રીએ વર્ષો સુધી સાધના કરી હતી.

દેવપ્રયાગના જ્યોતિષી શ્રી ચક્રધરજીની માલિકીની આ કુટિયા હતી અને તેમણે પ્રેમભાવથી પ્રેરાઈને તેઓશ્રીને સાધના માટે તે રહેવા આપી હતી

એકાદ કલાક રોકાઈને અમે નીકળ્યા.

વાસ્તવિક ત્યાગી પાસેથી પાછા ફરીએ છીએ ત્યારે આપણે અલ્પ નહિ પણ ગૌરવયુક્ત, ચિંતામુક્ત, આનંદિત અને અહોભાવથી ભરપૂર હૃદયે પાછા ફરીએ છીએ અને તે આપણને ભીતરમાં બેઠેલ પરમાત્માનું સ્મરણ કરાવી દે છે.

પ્રથમ દર્શને આવો અનુભવ રહ્યો.

( ક્રમશઃ )

✽

# યોગેશ્વર વંદનાષ્ટક

છંદ : શાર્દૂલવિક્રીડિત

(૧)

જે ચૈતન્ય ચરાચરે વિલસતું આરંભથી સૃષ્ટિના,
સાક્ષાત્કાર કર્યો છતાંય કદિના સંતોષ જેને થયો,
આવિર્ભાવ જહાં લગી નહિ બને રે રોમ રોમે સદા,
કીધું સાધન ત્યાં લગી શમદમે તેને નમું સર્વદા.

(૨)

પોતાની જનની તણી હૃદયથી સેવા કરી જેમણે,
આકર્ષી ન શકી છતાંય જગની માયા કદી તેમને,
દાસી થૈ ચરણે રહી નવનિધિ ને અષ્ટસિદ્ધિ સદા,
તોયે સાધન ના તજ્યું વિપળયે તેને નમું સર્વદા.

(૩)

ત્રિકાળજ્ઞ મહાપુરુષ પ્રગટયા પામ્યા સ્મૃતિ પૂર્વની,
પામ્યા દર્શન સિદ્ધ સંત જનના દૈવી કૃપા મેળવી,
ના સંતોષ થયો છતાંય કપરી જેણે કરી સાધના,
ત્યાગ્યાં અન્ન અપાર સંકટ સહ્યાં તેને નમું સર્વદા.

(૪)

સુંવાળું તન સાવ યે કૃશ થયું ચાલુ રહી પ્રાર્થના,
દેહાતીત ઘણા થયા અનુભવો માની કૃપાના છતાં,
ત્રિદેવો પ્રગટયા અનેક સમયે સાંઈ કૃપા પામિયા,
ઉત્ક્રાંતિ અટકી નહીં તદપિયે તેને નમું સર્વદા.

(૫)

જગદમ્બા ઈશ ચેતના પરમ જે કારુણ્ય મૂર્તિ અહો,
શૈ પ્રત્યક્ષ ક્ષણે ક્ષણે અવનવું સાતત્ય જેને મળ્યું,
વાતો જાગૃતિમાં કરે હર પળે ઇચ્છા પ્રમાણે સદા,
તે યોગેશ્વરને સ્મરું હૃદયથી પાયે નમું સર્વદા.



(૬)

અંગે અંગ અખંડ ચિન્મય દીસે આનંદ અબ્ધિ છલે,
કાયા મધ્યમ ગૌર વર્ણ દીપતો માહેશ્વરી તેજથી,
દૈવી પ્રેમ છલે વહંત કરુણા આંખો થકી વર્ષતી,
તે યોગેશ્વરને સ્મરું હૃદયથી પાયે નમું સર્વદા.

(૭)

ડોલાવી શકતું ત્રણે ભુવનને સામર્થ્ય જેની મહીં,
શૈ સામાન્ય છતાં ફરે જગતમાં ને લોકસેવા કરે,
જેને જોઈ સદા રહે હરખમાં મા ભારતી મંગલા,
તે યોગેશ્વરને સ્મરું હૃદયથી પાયે નમું સર્વદા.

(૮)

હૈયાની ધરતી પરે વરસજો શૈ મેઘરાજા તમે,
ફૂટયા અંકુર કોમળા હૃદયમાં તે આત્મવંતા કરો,
હે યોગેશ્વર ગંગ પાવન વહો મારા હૃદે સર્વદા,
ગાઉં નિત્ય ગુણાનુવાદ ગુરુ કે સ્વીકારજો વંદના.

ઈશ્વરભાઈ પટેલ

❋

## શ્રદ્ધાંજલિ

ઓગસ્ટ ૭૯માં મોરબી ને તેના આસપાસના વિસ્તારોમાં અભૂતપૂર્વ પૂરને લીધે જે ભારે જીવહાનિ થઈ, તે બદલ ઘણું દુઃખ થયું. પ્રભુ, એ સૌ જીવાત્માઓને શાંતિ આપે તથા જે લોકોએ પોતાનાં સ્વજનો ને સંપત્તિ ગુમાવ્યાં છે, તેઓ સહુને પણ એ દુઃખ સહેવાની ને એમાંથી ફરી જીવનમાં સંસ્થાપિત થવાની શક્તિ આપે.

— શ્રી યોગેશ્વર પરિવારના તમામ ભાઈબહેનો



# સ્વામીજીના યોગબળનું દર્શન

✲

શ્રી ગજાનન સ્વામી શરીરે દૂબળા-પાતળા હતા પરંતુ તેઓનું યૌગિક સામર્થ્ય અપૂર્વ હતું, તેની ખાત્રી એક પ્રસંગે થઈ.

શેગાંવના પાટીલ વંશના તે વખતે મુખ્ય આદમી ખન્ડુ પાટીલ હતા. ખન્ડુને પાંચ ભાઈ હતા. એમનાં નામ હતાં ગણપતિ, નારાયણ, મારુતિ, હરિ અને કૃષ્ણાજી. આ પાટીલ કુટુમ્બ જમીનદાર હતું. સત્તા અને સંપત્તિ બન્ને તેમની પાસે હતી. વળી આ બધા ભાઈઓ ખૂબ તાલીમ પામેલા કુસ્તીબાજ હતા.

દર સાલ હનુમાન જયંતીના દિવસે ગામમાં મોટો ઉત્સવ મનાતો ત્યારે કુસ્તી પણ યોજાતી. તેમાં મોટે ભાગે પાટીલ બંધુઓની જ જીત થતી. ગામમાં તેમને પડકારવાની કોઈની હિંમત ન હતી. આ પાટીલ બંધુઓ ઉદ્ધત



હતા. સાધુ–સંતોનું સન્માન ન કરતા. ગજાનન સ્વામીજીને પણ તેઓ કંઈ ને કંઈ સંભળાવ્યા કરતા. કોઈ વાર પાગલ કહી બોલાવતા તો કોઈ વાર કુસ્તીનું આમંત્રણ આપતા. પરંતુ સ્વામીજી આ બધું ચૂપચાપ સહન કરતા.

એક દિવસ સ્વામીજીના એક ભક્ત ભાસ્કરે કહ્યું, "સ્વામીજી, આ લોકો ખૂબ મતવાલા થઈ ગયા છે. કોઈની પરવા કરતા નથી. કોઈની આમન્યા કે મર્યાદા નથી રાખતા. આપણે અહીંથી બીજે ક્યાંય ચાલ્યા જઈએ."

સ્વામીજીએ હસીને કહ્યું, "ભાસ્કર, તને ખબર નથી. બધા પાટીલ મારા પ્રિય શિષ્યો છે, તું આ જાણતો નથી. થોડા વખત થોભી જા, એમને એમની ભૂલનું જરૂર ભાન થશે."

એક દિવસ વિચિત્ર પ્રસંગ બન્યો. ખન્ડુ પાટીલનો ભાઈ હરિ પાટીલ મંદિરમાં આવ્યો ને તોછડાઈથી સ્વામીજીનો હાથ પકડી બોલ્યો, "ચાલ ઊઠ, મારી સાથે કુસ્તી લડ. તને કુસ્તીમાં હમણાં જ ચિત્ત કરી દઉં છું. તમે તમારી તાકાતનો ભારે આડંબર ફેલાવી રાખ્યો છે. આજ હું તમારી તાકાત જોઈ લઉં. તમે જીતશો તો હું મોટું ઇનામ આપીશ."

હરિ પાટીલનું આ વર્તન ખૂબ ઉદ્ધત હતું. પરંતુ સ્વામીજીએ સંમતિ આપી, આવાહન સ્વીકારી લીધું. બંને અખાડામાં આવ્યા. સ્વામીજી અખાડાની જમીન પર બેસી ગયા અને હરિને કહ્યું કે, "તું મોટો પહેલવાન છે તો મને પહેલાં જમીન ઉપરથી ઊભો કર, પછી આપણે કુસ્તી લડીશું?"

હરિ પાટીલ હસતો હસતો આગળ વધ્યો. તેણે હાથ પકડી સ્વામીજીને ઊભા કરવા ખૂબ પ્રયત્ન કર્યો, પરંતુ તે સ્વામીજીને ઉઠાડી તો ના શક્યો, તેમના સ્થાનમાંથી જરા

પણ હલાવીય ના શક્યો. પાટીલે ઝનૂન ઉપર આવી પોતાનું સઘળું બળ એકઠું કરી છેલ્લો પ્રયત્ન કરી જોયો, પરંતુ વ્યર્થ. તે આખા શરીરે પસીનાથી તરબતર થઈ ગયો! તેના બળનો ઘમંડ ઉતરી ગયો! એને થયું: 'ભલે સ્વામીજી દૂબળા-પાતળા દેખાતા હોય, પરંતુ તેઓમાં અસીમ શારીરિક ને આત્મિકબળ છે. એટલે જ આટલા દિવસ સુધી અમારી હરકતો મૂંગે મોઢે સહન કરતા રહ્યા.'

હરિએ હવે પોતાની હાર માની લીધી, એટલે સ્વામીજીએ કહ્યું, "તું હાર્યો છે તો મારું ઇનામ લાવ." એમણે ઉમેર્યું, "ગરીબ લોકોને તેમનું શારીરિક બળ વધારવામાં તારે મદદ કરવી પડશે. નહિ તો પાટીલનું પદ છોડવું પડશે. બસ, મારું આ ઇનામ છે." હરિએ નમ્રતાથી કહ્યું, "આપની મારા પર કૃપા હશે તો આ કામ હું જરૂરથી કરીશ."

આ ઘટના પછી હરિએ સ્વામીજીને હેરાન કરવાનું એકદમ છોડી દીધું. પરંતુ તેના ભાઈઓને હરિનું આ પરિવર્તન પસંદ ન પડ્યું. તેઓ એને મહેણાં મારવા લાગ્યા. "તું સ્વામીજીથી આટલો બધો કેમ ડરી ગયો છે!"

પછી એક દિવસ, તેઓ બોલ્યા, "ચાલો, આજે આપણે સ્વામીજીના સામર્થ્યની પરીક્ષા કરીએ." આમ કહી, દરેક જણે હાથમાં શેરડીનો એક એક સાંઠો લીધો ને મંદિરે પહોંચ્યા. સ્વામીજી શાન્તિથી બેઠા હતા. હરિ પાટીલ પણ ત્યાં હતો. તે શાન્ત ઊભો હતો. પાટીલ ભાઈઓ સ્વામીજીને સંબોધન કરી બોલ્યા, "એ પાગલ, તારે શેરડી ખાવી છે? ખાવી હોય તો અમારી એક શરત માનવી પડશે. આ શેરડીના સાંઠાઓથી અમે તારા શરીર પર પ્રહાર કરીએ ને તારા શરીર ઉપર એની કોઈ નિશાની ન ઊઠવી જોઈએ. તો જ અમે માનીએ કે તું ખરેખર યોગી છો. શું તું આ માટે તૈયાર છો?



આ સાંભળ્યા છતાં, સ્વામીજી ચૂપ બેસી રહ્યા. મૌન એ સંમતિ છે, એમ સમજી સૌથી મોટાભાઈ ગણપતિએ કહ્યું, "જોઈ શું રહ્યા છો? જાઓ, મારવા માંડો."

આ બધા ભાઈઓનો ઇરાદો શેરડીના સાંઠાઓથી મારવાનો જોઈ હરિ પાટીલ વચ્ચે પડ્યો. તેણે કહ્યું, "તમે સ્વામીજીને હીન સમજતા હો, તો ભલે સમજો. તેમને હેરાન શું કામ કરો છો? છોડી દો એમને. આપણા કુળને આ શોભતું નથી."

પાટીલ બંધુઓ બોલ્યા, "તું છાનોમાનો જોયા કર. આજે અમારે એના યોગ-સામર્થ્યને જોવું છે."

પછી તો બધા ભાઈઓ શેરડીના સાંઠાઓ લઈ ને સ્વામીજી ઉપર તૂટી પડ્યા. સ્વામીજીના વાંસામાં માર પડતો રહ્યો, પરંતુ સ્વામીજી જરા પણ હાલ્યાચાલ્યા વિના એમ જ બેસી રહ્યા. આખરે થાકીને પાટીલ બંધુઓએ મારવાનું બંધ કરી દીધું. સ્વામીજીની માર સહન કરવાની શક્તિ જોઈ તેઓ અવાક્ બની ગયા! તેમણે જોયું તો સ્વામીજીના શરીર ઉપર મારની કોઈ નિશાની ઊઠી ન હતી! અંતે સ્વામીજી હસીને બોલ્યા, "તમારા હાથ મને મારીને થાકી ગયા હશે! આવો, હું તમને શેરડીનો રસ પાઉં." કહી સ્વામીજીએ શેરડીનો સાંઠો હાથેથી મરડ્યો. તેમાંથી રસની ધારા છૂટી. કોઈ પણ યંત્રની મદદ વગર માત્ર હાથથી આ રીતે શેરડી મરડીને રસ કાઢતા જોઈ, આ ચમત્કારિક કૃત્યથી વિસ્મય પામી, પાટીલ બંધુઓ ફાટી આંખે જોઈ રહ્યા! છેવટે સ્વામીજી બોલ્યા, "પૌષ્ટિક ખોરાક ખાવાથી વધેલું શારીરિક બળ અસ્થાયી છે, જ્યારે યોગની શક્તિથી પ્રાપ્ત થયેલું સામર્થ્ય સ્થાયી ને કદી ન ખૂટે એવું હોય છે.

આ ઘટના દ્વારા સ્વામીજીએ આપણા દેશના લોકોને યોગનું શિક્ષણ લેવાની શિખામણ આપી છે.

# મોરબીના પ્રલયકારી પૂરમાં ગુરુકૃપાથી પ્રભુએ અમને બચાવ્યા

શ્રી નારાયણ હ. જાની

મહાત્મા શ્રી યોગેશ્વરજીનું ધબકતું ધ્યાનકેન્દ્ર એટલે મોરબી. આ નાનકડા નગરમાં તેઓશ્રીમાં શ્રદ્ધાભક્તિ ધરાવતાં કુટુંબોની સંખ્યા ઠીક ઠીક કહી શકાય એવી. એમાં પણ અંતરંગ કહી શકાય એવાં પચ્ચાસેક કુટુંબો તો ખરાં જ.

આ વર્ષે મે મહિનામાં મોરબીના ઉત્સાહી ભાઈબહેનોએ યોગેશ્વર ધ્યાનકેન્દ્રના ઉપક્રમે સાધના-શિબિર યોજી. આ શિબિર બધી જ રીતે સુંદર ને સફળ રહી.

શિબિરમાં બહારગામથી આવેલ બસોથી વધુ સાધકોને તે વખતે ક્યાં ખબર હતી કે મોરબીની તેઓએ જોયેલી એ રોનક તેઓ માટે પહેલી ને છેલ્લી હતી!

સુંદર નાના સરખા મોરબી શહેર માટે તા. ૧૧મી ઓગસ્ટનો દિવસ ભારે ગોઝારો નીવડ્યો. લોકમાતા મચ્છુ ઉપરના બીજા બંધની માટીની પાળ તૂટી અને જાણે કે પાણીનું પ્રલયકારી પૂર આખા મોરબી શહેર ઉપર ફરી વળ્યું. અતિવેગે ધસમસતાં આ પાણીએ માર્ગમાં આવતાં મકાનો, દુકાનો, જાનવરો ને માનવોને પોતાના મુખમાં હડપ કરી લીધાં. કોણ જીવ્યું ને કોણ મર્યું....તે કોણ કહે!

આ પૂરના સમાચારોએ સમગ્ર વિશ્વને એક ભારે આંચકો આપ્યો. પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીનાં વિવિધ ધ્યાનકેન્દ્રોના સાધક ભાઈઓ પણ ચિંતિત બની ગયા. પરંતુ આખું મોરબી જ જ્યારે પૂરની પ્રલયકારી સોડ તાણીને સૂઈ ગયું હોય ત્યારે કોઈનો પણ સંપર્ક શી રીતે સાધી શકાય?



મોરબી ધ્યાનકેન્દ્રના ઉત્સાહી સંચાલક ભાઈશ્રી ભોજાણી-ભાઈએ તા. ૧૪મી ઓગસ્ટે ખબર આપ્યા કે ગુરુદેવની કૃપાથી શ્રી યોગેશ્વર-પરિવારના બધાં જ ભાઈબહેનો બચી ગયાં છે! આ એક ચમત્કાર જ લેખાય, નહિ વારુ! મનમાં થયું ઈશ્વરની અનન્ય કૃપા સિવાય આ શક્ય શી રીતે બને!

મોરબીના શક્તિ પ્લોટ વિસ્તારમાં ખૂબ પાણી ભરાયેલ. આ વિસ્તારમાંજ શ્રી ગોરધનભાઈ કલોલા રહેતા. આથી સહુને એમના કુટુંબ વિષે ચિંતા થતી. મનમાં થતું પણ ખરું કે આ બધા શી રીતે બચ્યાં હશે?

અઠવાડિયા પછી શ્રી કલોલાભાઈનો ભાવનગર ખાતે ભણતો પુત્ર મળવા આવ્યો ત્યારે એણે જે વાત કરી તે આશ્ચર્ય પમાડે તેવી હતી!

એણે કહ્યું : અમારા વિસ્તારમાં વીસ ફૂટથી વધારે પાણી ભરાયાં હતાં. પૂરના સમાચાર સાંભળી હાથમાં આવ્યા તે બે કોથળા લઈને અમે અમારા મકાનના પહેલા માળે ચઢી ગયા. ત્યાં તો પડોશના નીચાં મકાનોવાળાં પચાસેક ભાઈબહેનો પણ અમારા મકાનમાં ધસી આવ્યાં. આમ અમારા મકાનમાં અમે સાઠેક જેટલા માણસો હતા. વરસાદ ને પવન બંને ચાલુ હતા. થોડી જ વારમાં પહેલા માળનો વિસ્તાર પણ પાણીમાં ડૂબવા લાગ્યો એટલે અમે બધા મકાનના છાપરે ચઢી ગયાં. સતત સાતથી આઠ કલાક અમે વરસતા વરસાદમાં-પવનના સુસવાટા ખાતાં બેસી રહ્યાં. પાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે ભરેલા માલખટારા ને પેટ્રોલનાં ટાંકાં રમકડાંની જેમ તરતાં તણાતાં જતા હતાં. કેટલાય માણસોનાં શબો ને જાનવરો પણ તણાતાં જોતા હતા, પરંતુ શું થાય! સહુને એક ફિકર હતી "આમાંથી બચીશું કે કેમ?"

ત્રણેક કલાક સુધી ધીરજ રાખ્યા પછી મારાં બાની હિંમત તૂટવા લાગી. તેમણે ગદ્દ ગદ્દ કંઠે મારા બાપુજીને કહ્યું, "ગુરુદેવને પ્રાર્થના તો કરો! અમે બધાં જ પ્રાર્થના કરવા લાગ્યા, "હે પ્રભુ, આ પ્રલયકારી પૂરની આફતમાંથી તું બચાવે તો જ અમે બચી શકીએ એમ છીએ. અમારી શક્તિની તો હવે હદ આવી ગઈ છે. માટે હે પ્રભુ, તું રક્ષા કરજે! હે ગુરુદેવ આપ રક્ષા કરજો!"

અને ગુરુદેવે તથા પ્રભુએ અમારી પ્રાર્થના સાંભળી! ચમત્કાર જ થયો. જે પ્રલયકારી પૂરમાં પાકાં બાંધેલા મકાનો પણ બેસી ગયાં હતાં, તેની સામે અમારા અડધી સદી જૂના મકાને ટક્કર ઝીલી હતી. શું આ આશ્ચર્ય ન કહેવાય!

બીજે દિવસે અમે નીચે ઊતરી જોયું તો ઘર, ઘર રહ્યું ન હતું. કાદવના તળાવ સમું બની ગયું હતું ઘરની દરેક ચીજ ઉપર કાદવના થર જામી ગયા હતા. ઘરમાં ત્રણ-ત્રણ ફૂટ તો કાદવ ભરાઈ ગયો હતો. કોઈ વસ્તુ સારી રહી ન હતી. ફક્ત દિવાલે ટીંગાતી શ્રી યોગેશ્વરજી તથા રામકૃષ્ણ પરમહંસ ને શારદામાના ફોટા પાણીમાં ભીંજાયા હતા એટલું જ, સહેજ પણ બગડયા ન હતા. કેવું વિચિત્ર કહેવાય?

કાદવ ખસેડતાં ખબર પડી કે પાણીના વજનથી ઘરની લાદી અડધો-પોણો ફૂટ જમીનમાં બેસી ગઈ હતી! છતાં મકાન ઊભું રહી ગયું હતું! આમ તો ન માની શકાય એવું હતું, પરંતુ હકીકત હતી; એનો ઈનકાર શી રીતે થઈ શકે!

ગુરુદેવની કૃપાએ જ અમને બચાવ્યાં હતાં. પ્રભુની કરુણા વગર એ શી રીતે બને,"–કહેતા જ વિજયભાઈની



આંખો પાણીથી ઊભરાઈ........એ દુઃખના નહિ પરંતુ પ્રભુની કરુણા ને ગુરુકૃપાની સ્મૃતિનાં આંસુ હતાં. અમારી આંખો પણ એમનો ભાવ ઝીલી સજળ બની.

આવી જ દાસ્તાન બીજા યે કેટલાંય કુટુંબોની થઈ હશે! પરંતુ તે એમનાં હૈયામાં જ રહી હશે.

'અધ્યાત્મ'ના વાંચનથી જીવન સજાવો
'રેણુ'ના આરસથી ઘર સજાવો

રંગીન આરસ મેળવવા તથા
લોખંડ ફેબ્રિકેશન માટે મળો

રેણુ માર્બલ કંપની

વિઠ્ઠલવાડી, ઉદ્યોગનગર, પ્લોટ નં ૨૮/૧, ભાવનગર

# સાચું ડહાપણ

શ્રી નાનુરામ દુધરેજિયા

મનુષ્યે એટમ, હાઈડ્રોજન, કોબાલ્ટ અને એક્સ બોમ્બ બનાવ્યા. પોતાના સ્થળે બેઠા બેઠા પૃથ્વી પરના કોઈ પણ ઉપખંડનો નાશ કરી શકે તેવાં પ્રક્ષેપાસ્ત્રોનું સર્જન કર્યું, ઉપગ્રહો તરતા મૂક્યા, ચંદ્રને પણ હાથવગો કરી લીધો. પોતે છોડેલાં યાંત્રિક યાનો છેક મંગળ અને શુક્ર સુધી આંબી ત્યાંની માહિતી પ્રાપ્ત કરાવતાં થયાં. માણસજાત ભૌતિક સિદ્ધિઓ કે કુદરતનાં બળો પર કાબૂ મેળવે તે સારી વાત છે. પણ આમાંથી માણસ એવું માનવા લાગ્યો કે હવે કોઈની દેન નથી કે અમારો વાળ વાંકો કરી શકે!

શસ્ત્રસર્જકો અને તેના સંગ્રાહકોના આવા હુંકાર વખતે આપણા પુરાણમાંની એક વાત નોંધવા જેવી છે:

હિરણ્યકશિપુ એના જમાનાનો ભારે બુદ્ધિમાન રાક્ષસ હતો. તપ દ્વારા વરદાન પ્રાપ્ત કરી તેણે જે માગ્યું તેમાં તેની સર્વગ્રાહી ઉત્તમ બુદ્ધિની પ્રતીતિ થાય છે. એની મૂળ ઇચ્છા કદી ન મરવાની હતી. તે માટે તેણે પોતાની બુદ્ધિને કામે લગાડી: સ્થળ પરત્વે માગ્યું: ઘરમાં ન મરું, બહાર ન મરું. સમય પરત્વે માગ્યું: દિવસે ન મરું, રાતે ન મરું. રાક્ષસોમાં તો પોતાને મારે એવું કોઈ હતું નહિ, તેથી માગ્યું માણસથી ન મરું, પશુથી ન મરું. અને છેવટે યાદ કરીને સાધન અંગે પણ પાળ બાંધી લીધી: કોઈ શસ્ત્રથી પણ ન મરું.

ન મરવા માટે આનાથી વધુ શું વિચારી શકાય? અને છતાં આપણે જાણીએ છીએ કે વરદાન આપનારના હાથે જ તે મૂઓ.



મારતા પહેલાં નૃસિંહ ભગવાને એને કહ્યું: કાઢ ભાઈ તારો કાગળ, શરતોનો કશો ભંગ તો થતો નથી ને! બોલ, તું ક્યાં છો, ઘરમાં કે બહાર? ઉંબરામાં પકડાયેલો શી રીતે કહે કે હું ઘરમાં છું અથવા બહાર છું! તે ચૂપ રહ્યો. મારી સામે જો હું કોણ છું, માણસ કે પશુ? મોં સામે તાકી રહ્યો, શું બોલે? હાં, અને કહે જોઈએ અત્યારે દિવસ છે કે રાત? સંધ્યા સમય જાણી એણે આંખો બંધ કરી. પોતાના નહોર એના પેટમાં ઘુસાડતાં નૃસિંહનારાયણે પૂછ્યું, આ કયું હથિયાર છે? હિરણ્યકશિપુ શું કહે? તે મરાયો.

માણસ જાતે આ કથાનકમાંથી ધડો લેવા જેવું એ છે કે તે ગમે તેટલી ડાહી થાય પણ ભગવાનનું ડહાપણ એનાથી હમેશાં મૂઠી ઊંચેરું રહેવાનું છે. આપણે સંહારના હજાર માર્ગ શોધીએ, છતાં એ ધારશે તો સામાનું રૂંવાડુંય આપણે ખાંડું કરી શકવાના નથી. હજાર વિજ્ઞાનથી રક્ષાઈશું તોપણ એક હજારને એકમું વિજ્ઞાન કાઢીને એ આપણો નાશ કરવાના.

રાવણને વરદાન આપીને ભગવાન શંકર પાછા આવ્યા ત્યારે પાર્વતીજી પૂછે છે: 'રાવણે શું માગ્યું?'

'એનું મોત', ભગવાન શિવે જવાબ આપ્યો.

'પ્રભુ! મશ્કરી ના કરો, કોઈ પોતાનું મોત માગે ખરું?' પાર્વતીએ કહ્યું.

ભગવાન શંકર હસીને કહે: દેવી રાવણે માગ્યું કે:

હમ કાહૂ કે મરહિં ન મારેં,
બાનર મનુજ જાતિ દુઈ બારેં.

–વાનર અને મનુષ્ય બે સિવાય કોઈથી હું મરું નહિ.

રાવણ પણ કંઈ ઓછો બુદ્ધિમાન નહોતો. એની ઇચ્છા પણ 'કોઈથી હું ન મરું' એ જ વરદાન માગવાની હતી. પણ ભૂલ એ ખાઈ જવાઈ કે, વાનર અને મનુષ્ય એ તો

પોતાના આહારની (ખાવાની) વસ્તુ છે, પછી એની બીક શી ? આથી એ બે સિવાય કોઈથી ન મરું એવું માગ્યું. માની પણ લીધું કે પોતે હવે અમર્ત્ય છે.

આપણે માનવજાત ડાહ્યા બનીએ તે ઇચ્છનીય છે, પણ ભગવાન આપણા સૌના કરતાં વધુ ડાહ્યા છે એ ન ભૂલીએ, એ જ આપણે માટેનું મોટામાં મોટું ને સાચું ડહાપણ છે. અને તેથી આપણું ડહાપણ આ રીતે વ્યક્ત કરીએ કે;

**यद् भद्रं तन्न आसुव**

હે પ્રભુ ! અમારે માટે આપને જે કંઈ કલ્યાણકારી લાગે તે અમને પ્રાપ્ત કરાવતા રહો.

❁


Eastern Stores Company

**Fleet Owners & Leading Transport Contractors**

Dani Limda, Ahmedabad 380 022

Phone : 54248, 51513




# શ્રી સહજાનંદ સ્વામીએ પોતાને અર્પણ થએલી સંપત્તિ સાચવી ખરી



એક વાર સાચા અગર ખોટા ભાવથી શરણે આવેલા માણસને મહાપુરુષો કેવી અદ્‌ભુત રીતે ઉગારતા હોય છે, એનાં અનેક ઉદાહરણો સ્વામીનારાયણ ધર્મના સંસ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના જીવનમાંથી મળે છે.

સમાજના નીચલા વર્ગો–ખાસ કરી કોળી, કાઠી, બારૈયા અને આહીર જેવા–શિક્ષણ અને ધાર્મિક સંસ્કારોથી વંચિત ને ચોરી, લૂંટફાટ કરનારા, દારૂ, અફીણના બંધાણી,–લોકોમાં પોતાની વિશિષ્ટ યોગશક્તિથી તેઓએ ધાર્મિક ભાવનાઓનું અનેરું સિંચન કર્યું. એમને પણ વર્તમાન પાળતા કરી દીધા ! કેવું અજાયબ ! આચાર પ્રધાન સ્વામીનારાયણ સંપ્રદાયે આ બધા લોકોની જીવનપદ્ધતિ અને વ્યવહારમાં આમૂલ ક્રાન્તિ આણી. કોઈ રાજ્યસત્તા, ગમે તેવા ને તેટલા કાયદાઓ

કરીને જે કદી કરી શકી ન હોત, તે શ્રી સહજાનંદ સ્વામીએ એકલા હાથે કરી બતાવ્યું. શક્તિ વગર કોઈ નમે છે ખરુ ?

એ જમાનો રેલવે કે મોટર ગાડીનો ન હતો. લાંબી મુસાફરી માટે લોકો ઘોડાનો ઉપયોગ કરતા. શ્રી સહજાનંદ સ્વામી અને એમની સાથે સેવામાં સદાય હાજર રહેતા કાઠી દરબારો જાતવાન ઘોડા રાખતા. જેના બધે જ વખાણ થતાં.

શ્રી સહજાનંદ સ્વામીનો પ્રભાવ ધીમે ધીમે સૌરાષ્ટ્રમાં ફેલાઈ રહ્યો હતો. ગઢડાના કાઠી દરબાર દાદા ખાચર એમના પરમ ભક્ત બની ગયા હતા. એમણે પોતાનો સમગ્ર દરબાર સ્વામીના ચરણે ધરી દીધેલો. એવી એમની અનન્ય ભક્તિ.

એ દિવસોમાં માળિયા હાટીનો એક ભરાડી ચોર મૂળજી. એની પોતાની બાંધેલી ટોળી. એની નજર સહજાનંદ સ્વામીની ઘોડી–તેમ જ કાઠીઓના જાતવાન ઘોડા પર પડી. એણે એ ચોરવાનો નિશ્ચય કર્યો અને સ્વામીનો જ્યાં મુકામ હતો ત્યાં જઈ પહોંચ્યો.

સતત બે દિવસ સુધી એણે પોતાના માણસો સાથે અનેકવાર આ ઘોડા ચોરવાના પ્રયાસો કર્યા. પરંતુ એણે દરેક વખતે મહારાજશ્રીને આ ઘોડા આગળ જોયા. એથી એમની કોઈ કારીગરી ન ફાવી.

આથી એણે પોતાનો વ્યૂહ બદલ્યો. એ દિવસોમાં સામૈયા ને ઉત્સવો ખૂબ થતા. લોકો આ પ્રસંગે સારાં કપડાં ને આભૂષણો પહેરતાં. એટલે આવા ઉત્સવમાં તેઓ ભળી ગયા. પરંતુ કોઈ પણ ભક્તનું આવું રેઢું પોટલું ઊંચકવા જાય કે મહારાજનો હાથ આડો દેખાય, હવે શું કરવું ?

આ પ્રસંગોનો જાત અનુભવ કરવાથી મૂળજીને મહારાજશ્રીની અપૂર્વ શક્તિનું ભાન થયું. સાથે સામે પોતાના બૂરા ઇરાદાઓ માટે પશ્ચાતાપ પણ થયો. તે મહારાજશ્રી



આગળ છતો થઈ ગયો ને પોતાનાં પાપ બદલ માફી માગી. વળી પોતાને કંઠી બાંધી દીક્ષા આપવા વિનંતી કરતાં કહ્યું : "મહારાજશ્રી, મને આપ અપનાવો. શરણે લ્યો, કારણકે હું જો છૂટો રહીશ તો સંગદોષને લીધે, પાછો ખરાબ કામ કરતો રહીશ. પરંતુ આપની પાસે હોઈશ, તો આપની બીકે બીકે પણ સીધો ચાલીશ."

મહારાજની પાસે બેઠેલા ગોવિંદ સ્વામીએ કહ્યું : "નિયમ પળાશે ?"

મૂળજીએ કહ્યું : "શું કરવા નહિ પળાય? જરૂર પળાશે."

ગોવિંદ સ્વામીએ ચેતવ્યા પણ ખરા કે પ્રકૃતિ ખરાબ વસ્તુ છે. એ ક્યારે ઊછળી આવે તે કહેવાય નહિ ? એમ કહી જૂની આદતના જોરે નિયમોનો ભંગ કરનાર સાધુઓના દાખલા પણ આપ્યા.

આમ છતાં મૂળજી મક્કમ રહ્યો. તેણે નિયમો પાળવાનું સ્વીકાર્યું. પછી તેણે કંઠી બાંધી.

હવે તે નિયમોનું ચુસ્તપણે પાલન કરતો. વ્રત, નિયમો પાળતો, માળા ફેરવતો ને મહારાજશ્રીની ઉત્સાહપૂર્વક સેવા કરતો.

એક દિવસ બહારગામથી બે બહેનો આવી, તેમણે મહારાજશ્રીનાં શ્રીચરણોમાં બે પિત્તળના ડબા મૂક્યા ને તેઓને સ્વીકારવા વિનંતી કરી. મહારાજશ્રીએ ડબા ઉઘાડ્યા તો એકમાં સોનાનાં ઘરેણાં હતાં, બીજામાં રૂપિયા. મૂળજી ભગત મહારાજની પાછળ જ ઊભેલા. એમણે ડબામાંના સોનારૂપાને જોયાં. જોતાં જ એમની મૂળ ચોર પ્રકૃતિના સંસ્કારો મનમાં જાગ્રત થયા. ત્યાં તો મહારાજે બંને બહેનોને ડબા પાછા આપતાં કહ્યું : "હમણા આ તમારી પાસે રાખો. જરૂરત પડશે ત્યારે મંગાવીશું."

મૂળજી ભગતે આ સાંભળ્યું. એમણે ધીરેથી બહાર નીકળી બાઈઓનાં નામ, ઠામ ને ગામ પૂછી લીધાં.

બેચાર દિવસ પછી મહારાજશ્રી બહારગામ પધાર્યા એટલે મૂળજી ભગત ઊપડ્યા સીધા પેલી બાઈઓને ગામ.

બાઈઓ સત્સંગી હતી. એટલે મહારાજશ્રીના સેવક એવા મૂળજીભાઈને આવેલા જોઈ રાજી રાજી થઈ ગઈ ! ખૂબ પ્રેમપૂર્વક એમનું સ્વાગત કર્યું. રાતે વાળુ કરતાં બાઈઓને પૂછ્યું કે મહારાજશ્રીની અનામત બરાબર સાચવીને રાખી છે ને? બાઈઓએ નિર્દોષભાવે જવાબ આપ્યો, "હાસ્તો, આ ચૂલાના આગલા ભાગમાં દાટી છે. મહારાજશ્રીએ મંગાવી હોય તો લઈ જાઓ!

મૂળજીભાઈને આ ભોળી બાઈઓને ઠગવાના મનસૂબા બદલ ઘડીભર દુઃખ થયું, પરંતુ પાછો આંતર મનમાં રહેલો ચોરીનો કીડો સળવળી ઊઠ્યો. રાતે માળા ફેરવતાં ફેરવતાં બાઈઓને એમણે ઠીક ઠીક સત્સંગ કરાવ્યો ને જ્યારે તેઓ ઊંઘી ગઈ, ત્યારે તેમણે ઊઠીને પેલા ડબા ચૂલા પાસેથી કાઢી લીધા. પછી બારણું ધીમેથી ઉઘાડી, રવાના થઈ ગયા! બાઈઓ સવારે જાગી, તો મૂળજી ભગતને ન જોયા. પહેલાં થયું કે નદી કે તળાવે ગયા હશે, પરંતુ ચૂલા આગળ નજર જતાં જોયું તો ડબા ગૂમ થયેલા. હવે શું કરવું ?

આગલા દિવસે મૂળજી ભગતના લોકો આગળ વખાણ કરેલાં, એટલે એ ચોર હતા એમ લોકોને હવે કેમ કહેવાય! મનમાં થયું કે "મહારાજે પાછી આપેલી અનામત ન સાચવી શકયાં"–પરંતુ સાથે સાથે "મહારાજે પણ એમને અર્પણ કરેલી આ સંપત્તિ કેમ ન સાચવી ?" એમ થયું. છેવટે કોઈને પણ આ વાત ન કરવાનો નિશ્ચય કર્યો. મહેનત કરીને અનામત જેટલું ધન ફરી ભેગું કરવાનું મનમાં નક્કી કરી બંને બાઈઓ કામે વળગી ગઈ.



આ બાજુ મૂળજી ભગત સાત આઠ ગાઉ દૂર પહોંચીને એક તળાવના કાંઠે વિસામો ખાવા બેઠા. હાથમોં ધોયાં. ત્યાં થોડે દૂર કાઠી દરબારો ઘોડાઓ ઉપર પોતાની તરફ આવતા જોયા. એમને થયું 'રખે મહારાજ એમની સાથે હોય' એટલે ગભરાટમાં ઊઠી બીજી દિશામાં ચાલવા માંડ્યું. ખભે ડબાઓવાળો ખડિયો મૂકી દીધો.

ત્યાં તો એક કાઠીએ બૂમ પાડી, "અરે એ, મૂળજી ભગત, ક્યાં ચાલ્યા! આ મહારાજ બોલાવે. ઊભા રહો!"

હવે શું થાય ? થયું, ખરે ટાણે આ મહારાજ ક્યાંથી ફૂટી નીકળ્યા! ....ત્યાં તો મહારાજ ને કાઠીઓ પાસે આવી ગયા.

મહારાજે પાસે આવી મૂળજી ભગતના ખભેથી ખડિયો લઈ લીધો ને "કંઈ ખાવાનું હોય તો જોઉં" કહી ડબા બંને ઉઘાડ્યા પરંતુ ડબ્બાઓમાં તો સોનાના દાગીના અને રૂપિયા હતા, એટલે જોઈને ખડિયામાં મૂકી પાછા આપી દીધા. મહારાજ એક અક્ષર પણ ન બોલ્યા. ઉપરથી પોતાની પાસે મીઠાઈ હતી, તે ખાવા આપતા ગયા!

મહારાજના ગયા પછી મૂળજી ભગત તો એકદમ ઢીલા થઈ જમીન ઉપર બેસી ગયા. થયું, જેમને જણાવવાનું ન હતું એ તો જાણી ગયા! એક શબ્દેય ન બોલ્યા ને ઉપરથી ખાવા મીઠાઈ આપતા ગયા.

એકાએક એમને પોતે ઘોડા ચોરવા ગયેલા એ પ્રસંગ યાદ આવી ગયો. મહારાજની અદ્ભુત શક્તિનો ત્યારે પરચો મળેલો. ફરી પોતાના આ કૃત્ય બદલ ખૂબ પશ્ચાતાપ થયો. છેવટે મન સાથે નક્કી કરી લીધું, "બાઈઓનું ધન એમને પાછું આપી દેવું ને માફી માંગવી." એમ વિચારી ગામ તરફ પાછા ચાલ્યા.

બાઈઓ તો મૂળજી ભગતને પાછા આવેલા જોઈ આશ્ચર્ય પામી, એમણે તો પહેલાંની જેમ જ ભગતનું સ્વાગત કર્યું.

ભગતે આવી આશા રાખી નહોતી. મનમાં થતું "જઈશ એટલે ગાળો ભાંડશે કે લોકો મારવા આવશે.' પરંતુ મહારાજની જેમ બાઈઓએ પણ એક શબ્દ ન કહ્યો. એટલે મૂળજીભાઈનો પશ્ચાતાપ એકદમ વધી ગયો!

પોતાને ફિટકાર દેતાં એમણે બાઈઓને બન્ને ડબા પાછા આપ્યા. કહ્યું, "જોઈ લેજો, બધી ચીજો બરાબર છે ને!" પછી તો મહારાજશ્રી રસ્તે જતાં કેવી રીતે મળ્યા ને ડબાઓ જોઈ કેવી રીતે પાછા આપ્યા વગેરે હકીકત જણાવી. ઉપરાંતમાં ખાવા મીઠાઈ આપતા ગયા, તે પણ કહ્યું.

બાઈઓને થયું, 'મહારાજશ્રીએ એમની અનામત સાચવી ખરી!'

બે દિવસ પછી મૂળજી ભગત મહારાજશ્રી ડભાણ ભક્તોની સભા ભરીને બેઠેલા, ત્યાં પહોંચ્યા. તેમને જોતાં જ મહારાજશ્રી બોલી ઊઠ્યા, "મૂળજી ભગત અણીશુદ્ધ પાછા ફરે છે, જગ્યા આપજો."

મૂળજી ભગતને થયું મહારાજ બધું જ જાણે છે, એટલે જઈને સીધા એમનાં ચરણોમાં પડી ગયા. કહ્યું, 'પ્રભુ. આપે મને મોટા પાપમાંથી બચાવ્યો.'

ભગવાન કે સંતમહાત્માઓ એમને શરણે ગયેલા જીવોની કેવી અદ્‌ભુત રીતે પાપમાંથી રક્ષા કરે છે, એની પ્રતીતિ શ્રી સહજાનંદ સ્વામીએ આ પ્રસંગથી કરાવી. એવા શરણાગતવત્સલ શ્રી સહજાનંદ સ્વામીનો જય હો.



# જીવન પરિવર્તન કરવા માટે ભજન સંમેલન છે

—શ્રી યોગેશ્વરજી

[મહાત્મા શ્રી યોગેશ્વરજીએ તા. ૫-૮-'૭૯ના રોજ આફ્રિકાના ઝામ્બિયા રાજ્યના કાબ્વે શહેરમાં—નવમા અખિલ ઝામ્બિયા ભજન સંમેલનમાં કરેલ પ્રવચન,—આ પ્રવચન તેઓશ્રીએ આયોજકોની વિનંતીને માન આપી હિંદીભાષામાં આપેલું.]

"આ ભજન સંમેલન દ્વારા સંસ્કૃતિનું મોટું કામ થાય છે. બધાં એકઠાં થાય છે, પ્રેમપૂર્વક સ્વજનો સ્નેહીઓને મળે છે, સંસ્કૃતિના પ્રચાર માટે થોડું કાર્ય કરે છે.

તમે બધા ભારતથી આવ્યા છો. પ્રત્યેક ભારતીય-ભારતના કોઈ પણ વિભાગના હોય તોપણ, તે ભારતીય સંસ્કૃતિના દૂત તરીકે છે. તેનું કર્તવ્ય દેશની શાન વધારવાનું છે. આપણી સભ્યતાને, સંસ્કૃતિને સમજીને-જાણીને પ્રચાર માટે તેમણે કાર્ય કરવું જોઈએ. તમે ભારતના સાંસ્કૃતિક દૂત બનીને આવ્યાં છો—એમ સમજી એવું જીવન વ્યતીત કરવું કે જેથી બીજા ઉપર પ્રભાવ પડે (ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ પડે).

ભારતીય સંસ્કૃતિએ બે વાત શીખવી છે. વેદોમાં, ઉપનિષદોમાં, સાંખ્ય, ન્યાય, વૈશેષિક, મીમાંસા વગેરે દર્શન-શાસ્ત્રોમાં તેમ જ રામાયણ, મહાભારત, ભગવદ્ ગીતા વગેરે દ્વારા મહાપુરુષોએ જીવન ઉપયોગી વાતો શીખવી છે, જે હું એક વાકયમાં કહીશ : આપણી સંસ્કૃતિ શું શીખવે છે? તેનો મૂળભૂત સંદેશો શું છે? એ સંદેશાને પચાવવાનો છે, આત્મસાત્ કરવાનો છે. ભારતીય સંસ્કૃતિ "**स्वान्तः सुखाय परजनहिताय सुखाय च।**" આપણી સંસ્કૃતિનાં બે પાસાં છે.

માનવજીવન સંસારના સુખભોગ માટે નથી, કેવળ શરીર સુખ માટે નથી. પરમાત્માને ઓળખવા માટે છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરીને સુખશાન્તિ મેળવવાનાં છે. નદી સમુદ્ર તરફ વહે છે ને છેવટે સાગરમાં ભળે છે, એમ આ સંસારમાં આપણને જે જીવન પ્રાપ્ત થયું છે ત જેના દ્વારા એ પ્રાપ્ત થયુ છે તે પરમાત્માને ઓળખવા માટે છે. તેનો સાક્ષાત્કાર કરીએ અને સુખશાન્તિ પ્રાપ્ત કરીએ.

સંસારનાં તમામ ભૌતિક સુખસાધનો એકઠાં કરો તોપણ શાન્તિ ન મળે. જ્યાં સુધી મનુષ્ય શાન્તિસ્વરૂપ પરમાત્માને ન ઓળખે ત્યાં સુધી તને શાન્તિ ન મળે. પરમાત્માને કર્મદ્વારા ઓળખી શકાય; ને શાન્તિ પ્રાપ્ત કરી શકાય.

કર્દમ ઋષિ તપસ્વી હતા. તેમનાં પત્ની દેવહૂતિ હતાં. તેઓએ સંસારનાં સુખો ભોગવ્યાં, પરંતુ દેવહૂતિને શાન્તિ પ્રાપ્ત ન થઈ. કર્દમ ઋષિ વનમાં ગયા. દેવહૂતિને મનમાં ઘણું દુઃખ થયું. તેમના પુત્ર કપિલદેવે માતા દેવહૂતિને ઉપદેશ આપ્યો, "સંસારના પદાર્થો મનુષ્યને સુખશાન્તિ નથી આપતા. સુખ જોઈતું હોય તો જીવનને પરમાત્મા તરફ વાળવું જોઈએ." આ ઉપદેશથી દેવહૂતિની અવિદ્યા દૂર થઈ. તેણે મનને પરમાત્મમાં જોડયું. નિર્વિકલ્પ સમાધિ દ્વારા જીવનને ધન્ય બનાવ્યું. સંસારના વિષયોની વચમાં રહેવું પણ કમળની જેમ રહેવું જોઈએ. સંસારના વિષયોમાં આસક્ત થવું નહિ. સંસારના ઐશ્વર્યથી અંતરાત્માની પરિતૃપ્તિ કદી થતી નથી.

રાજા રંતિદેવ પ્રાચીન કાળમાં થઈ ગયા. રંતિદેવ ગરીબોની સેવા કરી. તેના રાજ્યમાં દુકાળ પડ્યો. આથી રાજા રંતિદેવે બધું ધન અને અન્ન – ભોજન માટે ગરીબોને વહેંચી દીધું તેણે પ્રાર્થના કરી છે કે :



**न त्वहं कामये राज्यं न स्वर्गं न पुनर्भवम् ।**
**कामये दुःखतप्तानां प्राणीनामार्तिनाशनम् ॥**

મનુષ્યજીવન દ્વારા હું સ્વર્ગસુખની, રાજ્યભોગની કે મોક્ષની ઇચ્છા (કામના) કરતો નથી. હું તો દુઃખથી સંતપ્ત જીવોના દુઃખની નિવૃત્તિની કામના કરું છું. મનુષ્યે પોતાના માટે જીવવાનું નથી. નદી તથા વૃક્ષ પોતાના માટે જીવતાં નથી, પણ નદી પોતાનું પાણી બીજાને આપે છે. વૃક્ષો પોતાનાં પાંદડાં, ફળ બીજાને આપે છે. સૂર્યનો પ્રકાશ જગતને કામ આપે છે. એ જ રીતે, મનુષ્યે પોતાનાં ધન, વૈભવ, વિદ્યા, તપ વગેરેનો ઉપયોગ સમાજની સુખશાન્તિ માટે કરવો જોઈએ. કારણકે મનુષ્ય સમાજમાં વસે છે ( Social Being ) એથી એણે બીજાના સુખનો વિચાર કરવો જોઈએ.

આપણા ભારતમાં રામકૃષ્ણદેવ થઈ ગયા. તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદને નિર્વિકલ્પ સમાધિ દ્વારા પરમ શાંતિ મેળવવાની ઇચ્છા થઈ. તેણે શ્રી રામકૃષ્ણદેવને પ્રાર્થના કરી. સ્વામી વિવેકાનંદને શ્રી રામકૃષ્ણદેવની કૃપાથી નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થઈ. સ્વામી વિવેકાનંદે કહ્યું, "મને શાંતિ તો મળી. હું ઇચ્છું છું કે હું હંમેશાં નિર્વિકલ્પ સમાધિમાં પડ્યો રહું. જગતનો મને ખ્યાલ ન રહે."

રામકૃષ્ણદેવે કહ્યું, "તું પોતાની શાન્તિ, સુખ, મુક્તિ શોધે છે. તું શિક્ષિત નથી. શિક્ષિત તો તે છે જે બીજાના અભ્યુત્થાન માટે પ્રયત્ન કરે છે. ભારતમાં અવિદ્યા છે. અનેક વહેમો, જડતા, ગેરસમજૂતી સામાન્ય જનતામાં છે. સમાજમાં અનેક ખોટી માન્યતાઓ છે. એવા સમયમાં તું નિર્વિકલ્પ સમાધિ ઇચ્છે છે? તું દેશની સેવા કર, દેશની સંસ્કૃતિનું ઉત્થાન કર."

આપણા દેશ ભારતમાં સ્વામી દયાનંદ થયા. તેમને તેમના ગુરુ સ્વામી વિરજાનંદે કહ્યું: "જ્યાં સુધી દેશમાં દુઃખ છે, અવિદ્યા છે, અંધકાર છે ત્યાં સુધી તારે કાર્ય કરવાનું છે." સ્વામી દયાનંદે ભારતીય સંસ્કૃતિના ઉત્થાન માટે કાર્ય કર્યું. પૂ. ગાંધીજીનો મંત્ર હતો, "જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી બીજાને સુખશાંતિ પ્રદાન કરું. રોટી વસ્ત્ર આપું."

આથી મોટું સંકીર્ત્તન દુનિયામાં કોઈ નથી. પરમાત્માનું સંકીર્ત્તન, પ્રાર્થના ધ્યાન કરવું. પરમાત્માનો પ્રકાશ ચારે બાજુ ફેલાયેલો છે. આપણે આપણી આજુબાજુના સર્વે જીવોમાં સુખશાંતિ ફેલાવવાં, એ સાચું કીર્ત્તન છે. માણસ કીર્ત્તન કરે છે, માળા ફેરવે છે, ધ્યાન કરે છે, પણ પોતાની સામે કોઈ ગરીબ, ભૂખ્યો દીનદુઃખી આવે છે તો તેને રોટી આપતો નથી, મદદ કરતો નથી.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે:

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन।
सुखं वा यदि वा दुःखम् स योगी परमो मतः॥

પોતાના આત્માની જેમ બીજાના દુઃખનો વિચાર કરવો તેને સુખ કરવા જે પ્રયત્ન કરે છે, તે શ્રેષ્ઠ યોગી છે.

ભારતમાં શ્રી એકનાથ નામે સંત મહાત્મા થઈ ગયા. તેમણે (હિમાલયની) ગંગોત્રીનું પાણી પોતાની સાથે લીધું અને છેક દક્ષિણમાં શ્રી રામેશ્વર મહાદેવને ચઢાવવા માટે અન્ય સાધુઓની સાથે નીકળ્યા. રસ્તામાં તેમને એક ગધેડો મળ્યો. ઉનાળાના દિવસો હતા. સખત તાપ પડતો હતો. તે ગધેડો તાપથી સંતપ્ત હતો. સંત એકનાથે પોતાની પાસેનું



ગંગાનું પાણી ગધેડાના મુખમાં રેડી દીધું. આ દુઃખી પ્રાણી મારે મન રામેશ્વર છે, એ જ શંકર છે, એ જ મહાદેવ છે. તેની સાથેના માણસોએ કહ્યું: "તમે ગંગાનું પાણી બગાડ્યું."

સંત એકનાથે કહ્યું: "ના, મેં સદુપયોગ કર્યો. એ રામેશ્વરનું મુખ હતું. તેમાં મેં ગંગાનું પાણી મૂક્યું છે. મને અફસોસ નથી. મેં સેવાનું કાર્ય કર્યું છે. મારે માટે આ આરાધના છે, ઉપાસના છે."

આપણી સંસ્કૃતિ શીખવે છે આપણું જીવન સાચા સુખ શાંતિ માટે છે, પરમાત્માનો સાક્ષાત્કાર કરવાથી જીવન ધન્ય બને છે. જીવન આપણા પોતાના ભૌતિક સ્વાર્થી સુખ માટે નથી. આપણે દુઃખના દાવાનળથી દગ્ધ જનોને પણ સુખ પહોંચાડવાનું છે. તેને વિદ્યાનો પરમ પ્રકાશ પહોંચાડવાનો છે. માનવી કોઈની બુરાઈ ન કરે; નિંદા ન કરે. માનવી પોતાનાં કાર્યો દ્વારા બીજાને હાનિ ન કરે. બીજાનું અભ્યુત્થાન કરવાની ભાવનાનો ઉદય આપણામાં થાય, તો પરમાત્માની કૃપા આપણા પર થાય.

ભારતીય સંસ્કૃતિ બે વાત જુએ છે: (૧) પોતાના તરફ (પોતાના આત્મા તરફ) જોવાનું (૨) સંસારમાં જેના સમાગમમાં આવીએ તેની સાથે ઉત્તમ માનવોચિત વ્યવહાર કરવો. એમ સંસારમાં રહીએ પણ આસક્ત ન બનીએ. હે પરમાત્મા! અમે તને ન ભૂલીએ. તે માટે પ્રાર્થના કરવાની છે.

અમારા ચિરકાળના સનાતન સાથી સ્વજન આપ છો. આપનાં ચરણોમાં અમારો પ્રેમ રહે, ભક્તિ રહે, જીવનમાં તમે જે કર્તવ્ય સોંપ્યું તેનું અનુષ્ઠાન કરીને આગળ વધીએ, બીજાને સુખ પહોંચાડીએ. આસક્ત ન બનીએ. આગળ

વધીએ, સંસારના વિષયોથી વિપથગામી ન બનીએ.

સંકલ્પ કરીએ કે અમારા દ્વારા બીજાનું શું ભલું થાય; ને વિચારીએ આપણે કોને માટે કમાઈએ છીએ ? સ્ત્રી માટે ? બાળકો માટે ? બધા દેશોમાં માણસો પરિવાર માટે કમાય છે. પણ જેઓ પરિવારના નથી, ગરીબ છે. તેને માટે કાંઈ કરો છો ? અહીં કોઈ બીજાનું કામ કરો છો ? ભારતની સેવા કરો છો ? ઝાંબિયા દેશની સેવા કરો છો ? આવું જો ન કરતા હો, તો તમારું કમાએલું સફળ નથી. હું જે કમાઉં છું, તેનાથી ગરીબોને મદદ પહોંચાડું છું ? રડતાની આંખ લૂછું છું ? દુઃખીનું દુઃખ દૂર કરું છું ? આશ્વાસન આપું છું ? મનુષ્ય કેવળ પોતાના માટે જીવતો નથી. પશુ પોતાના માટે જીવે છે. તેમ છતાં કેટલાંક પશુ મનુષ્ય માટે પોતાનું જીવન અર્પણ કરે છે.

લક્ષ્ય બનાવો કે હું બીજાને ઉપયોગી કામ કરું. પરમાત્માને ન ભૂલું. ભક્તિ કરું. સંકીર્તન કરું. જીવન નિર્મળ બનાવું. આદર્શ બનાવું. સૌ સંકલ્પ કરો. બે વાત યાદ કરો : (૧) સારા બનો. (Be good), (૨) સારાં કાર્યો કરો. (Do good) સારા બનીને પરમાત્માને પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ કરો. પ્રેમથી આગળ વધો. અહીં નિર્ધાર કરીએ : અમારા જીવનમાં પરમાત્માનું અનુસંધાન સાધીશું. એવી યોજના કરીશું કે જે દ્વારા બીજાના જીવન માટે પણ અમારું જીવન સમર્પણ કરીશું. તો જ પરમાત્મા પ્રત્યે આપણો પ્રેમ છે. અમારું ધન, સત્તા, સમસ્ત જીવન સમાજ માટે સમર્પિત થઈ ચૂક્યું છે. અમારો પ્રેમ પરમાત્મા માટે વધતો જાય છે. તો જ ભજન સંકીર્તન સફળ થયું કહેવાય. જીવન પરિવર્તન કરવા માટે ભજન સંમેલન છે. જીવન આદર્શ બનાવવાનો સંકલ્પ લઈને જઈએ.



પ્રભુ પ્રેમ જાગી ગયો મારા પ્રાણમાં (૨)
પ્રભુ પાવો વાગી ગયો મારા પ્રાણમાં (૨)
નામના જપમાં જોડાયું ચિત્તડું,
જૂનું સંભળાયું સુરતાનું ગીતડું,
મંગળ મૂર્તિ રમે મારા ધ્યાનમાં. ...પ્રભુ પ્રેમ૦

રોમ રોમ રંગાયા રંગભીના રાસથી,
રોમ રોમ રંગાયા રંગભીના રાગથી,
અંજાયો આતમા એના અનુરાગથી,
હંસલો લાગી ગયો એના તાનમાં. ...પ્રભુ પ્રેમ૦

બંધન તૂટી ગયાં સર્વ છેવટે,
ક્રંદન છૂટી ગયાં ભવને તટે,
અંતર ડૂબી ગયું એના રસતાનમાં,
હંસલો લાગી ગયો એના તાનમાં. ...પ્રભુ પ્રેમ૦

અંતરના ઊંડાણમાંથી આપ ગીત ગાઈ શકો, રોમ રોમમાં ગાઈ શકો, અનુભૂતિ લઈ જાઓ તો ભજન સંમેલન સંપૂર્ણ થયું, સફળ થયું.

## કુબ્જાની કથાનો મર્મ

કુબ્જાની કથાનો મહત્ત્વનો મર્મ જાણવા જેવો છે. જીવ પણ કુબ્જાની પેઠે કુરૂપ છે. એ મૂળભુત રીતે સુંદર છે એ સાચું, પરંતુ ત્રિગુણાત્મક પ્રકૃતિના પાશમાં પડીને, પોતાના સ્વાભાવિક સૌંદર્યને ખોઈ બેઠો છે. એ ભગવાન કૃષ્ણની સેવા, પૂજા ને પ્રસન્નતાને માટે પોતાની સાધન-સામગ્રીનો સદુપયોગ કરવાને બદલે એને કંસ અથવા સંસારને માટે ખરચે છે. એ જીવ ભગવાનથી મોહાઈને, એના અલ્પ મહિમાને પણ જાણીને, ભગવાનને પોતાની સાધન-સામગ્રી સમર્પિત કરે છે ત્યારે એમના અસાધારણ અનુગ્રહથી ધન્ય બને છે, ને પોતાનું સ્વાભાવિક સૌંદર્ય પ્રાપ્ત કરે છે.

— શ્રી યોગેશ્વર : ભાગવત-દશમ સ્કંધ

'અધ્યાત્મ'ને હૃદયપૂર્વક આવકાર

# J. V. SHAH
# S. V. Enterprises

**Exporters · Importers**

**Manufacturers Representatives**

203, Sharda Chambers, 15, New Marine Lines,
Post Bag No 11490 • Bombay 400 020
Phones : 292396-295639 Resi. : 441332
Telex No. 011. 6188 NITI

"વિના સહકાર નહિ ઉદ્ધાર"

ॐ सह नाववतु । सह नौ भुनक्तु ।
सह वीर्यम् करवावहै । तेजस्वी
नावधीतमस्तु । मा विद्विषावहै ।

પ્રભુ, આપણી રક્ષા કરો,
સહિયારા પુરુષાર્થથી પ્રાપ્ત થયેલ ફળનો આપણે
સાથે ઉપભોગ કરીએ.
આપણો સહિયારો પુરુષાર્થ તેજસ્વી બનો.
આપણે પરસ્પરનો દ્વેષ ન કરીએ.


# વડોદરા સહકારી
# ખરીદ વેચાણ સંઘ

તારકેશ્વર, વડોદરા

## શ્રી સર્વોદય કો-ઓપરેટીવ બેંક લિ.

ભુલાભાઈ પાર્ક, ગીતા મંદિર રોડ, અમદાવાદ ૨૨   ફોન : ૫૪૮૭૫

સેવીંગ્ઝ ડિપોઝીટ્સ ૫½%

તા. ૧-૩-૧૯૭૮ થી અમલમાં આવતા
બાંધી મુદતના થાપણના વ્યાજના આકર્ષક દર

| | |
|---|---|
| ૧૫ દિવસથી ૪૫ દિવસ સુધી | દર ૩½% |
| ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૪% |
| ૯૧ દિવસથી ૬ માસ સુધી | ૫% |
| ૬ માસ અને તેની ઉપર પણ ૯ માસ સુધી | ૫½% |
| ૯ માસથી ૧૨ માસ સુધી | ૬% |
| ૧૨ માસ અને તેની ઉપર પણ ૩ વર્ષ સુધી | ૭% |
| ૩ વર્ષ ઉપર પણ ૫ વર્ષ સુધી | ૮½% |
| ૫ વર્ષની ઉપર | ૧૦% |

આ ઉપરાંત અન્ય આકર્ષક સ્કીમ અંગે
રૂબરૂ સંપર્ક સાધવો

| રોહિત પટેલ | પી. સી. પટેલ | ઈશ્વરભાઈ પટેલ |
|---|---|---|
| ચેરમેન | મેનેજર | મેનેજિંગ ડાયરેક્ટર |

ગમે તે સમયે ભાડેથી ટેક્ષીકાર મેળવવા
જોડો ફોન

ભદ્ર ટેક્ષી સ્ટેન્ડ – ૩૮૦૮૬૩
રેલવે ટેક્ષી સ્ટેન્ડ – ૩૮૦૮૯૧
એરપોર્ટ ટેક્ષી સ્ટેન્ડ – ૬૫૭૨૦
પર્યટનોની મુલાકાત ટેક્ષીકારથી કરી
આપ સૌ સહકારી બનશો

સંચાલકો

## ભારત સેવક સમાજ સંચાલિત
## ટેક્ષી વાહક સહકારી મંડળી લિ.

રજી. નં. સે. ૧૦૬૯/૬૬
પાનકોર નાકા, અમદાવાદ–૩૮૦ ૦૦૧ ફોન : ૩૮૦૬૩૬,૩૮૮૯૩૩

" જીવનમાં દુઃખનું કારણ પદ, પ્રતિષ્ઠા, પૈસો, પુત્ર કે ગૃહસંસાર નથી. સાચું કારણ મન છે. આ મન ઈશ્વરને સમર્પિત કરી દો તો બધાં જ દુઃખો આપો-આપ દૂર થઈ જશે અને જ્યાં રહેશો ત્યાં નંદનવન બની જશે. "

## સૌરાષ્ટ્ર એગ્રો ટ્રેડીંગ કં.

ખાતર અને જંતુનાશક દવાઓના વેપારી
પથિકાશ્રમ સામે, ભાવનગર
ઘર : ૭૬૦૫   : ફોન નંબર :   ઓફીસ : ૭૧૨૬

## રામરાજ્ય ક્યારે થાય ?



“અર્થનો જ્યાં સ્પર્શ થાય છે, ત્યાં આદર્શ થોડો પણ મલિન થાય જ છે. છતાં અર્થની શક્તિથી જ જગતચક્ર ચાલે છે, એ વાતનો પણ ઈનકાર થઈ શકે તેમ નથી. એ શક્તિ એક પ્રબળ શક્તિ છે, તે નથી કેવળ સારી કે નથી કેવળ ખરાબ ! કેવી રીતે તેનો ઉપયોગ કરીએ છીએ તેની ઉપર તેના સાચાખોટાનો આધાર છે. વળી બીજો પણ એક મુદ્દો સમજવાનો છે.

આજકાલ અર્થની શક્તિની લગામ ભગવદ્‌વિમુખ મદાંધોના હાથમાં છે. જેઓ ભગવાનના વાહનરૂપ છે એવા લોકો જ્યાં સુધી આ શક્તિના ચાલકો ન બને ત્યાંસુધી રામરાજ્ય થવું અશક્ય છે. પરંતુ એવાં વાહનો છે ક્યાં ? સાધનાના જોરે ભગવત્‌કૃપાનું અવતરણ ન થાય ત્યાં સુધી એ વાહનો ઊભાં થઈ શકે તેમ નથી. આ સંબંધમાં મને જે આભાસ મળ્યો છે તેની વાત કરવાનો સમય હજી પાક્યો નથી. માત્ર એટલું જ કહીશ કે આવી એક ભગવતીશક્તિનું અવતરણ થવામાં છે, એવું હું જોઈ શક્યો છું. એ શક્તિનો આવિર્ભાવ થતાં માનવસભ્યતાનો નવો યુગ આવશે.”

–શ્રી અરવિંદ


**શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ**
**ધી માસ્ટર સિલ્ક મીલ્સ પ્રા. (ભાવનગર) લિ. ના**
**સૌજન્યથી**


ટાઈટલ : સરસ્વતી પ્રેસ મુદ્રિત